સુવિચાર

યોગ્ય સમયે લેવામાં આવેલ કડવી ચુસકી ઘણીવાર જીવનને મીઠી બનાવી દે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



મોરબી-માળીયા હાઈવે પર ૭૨૧૩ બોટલ વિદેશી દારૂ ભરેલો ટ્રક ઝડપાયો P-4

Year-16, Issue-47 ■ DATE : 02-06-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# ગુજરાતમાંથી ૧૦૦૦ બાંગ્લાદેશીઓને હાંકી કઢાયા

## સમગ્ર દેશમાંથી ગેરકાયદે વસવાટ કરતા ૨૦૦૦ બાંગ્લાદેશી નાગરીકોને રવાના કરાયાઃ પાકિસ્તાન સાથેના તણાવ વચ્ચે પાક. નાગરિક ઉપરાંત બાંગ્લાદેશીઓ ઉપર તવાઇ ઉતારાઇ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાકિસ્તાન સાથેનાં ગંભીર તનાવ વચ્ચે ગુજરાત સહીત અનેક રાજયોમાં પાકિસ્તાની-બાંગ્લાદેશી સહીત ગેરકાયદે વસવાટ કરતાં વિદેશી નાગરીકોને હાંકી કાઢવાનું ઓપરેશન હાથ ધરાયુ હતું અને તેમાં અત્યાર સુધીમાં ૨૦૦૦ બાંગ્લાદેશીઓને ઘરભેગા કરાયા છે. તેમાંથી સ્પર્ધાથી વધુ તો ગુજરાતમાંથી પકડાયા હતા અને રવાના કરી દેવાયા છે.

કેન્દ્ર સરકારનાં સુત્રોએ કહ્યું કે, પાકિસ્તાન સાથેનાં તનાવ વચ્ચે પાકિસ્તાની ઉપરાંત બાંગ્લાદેશીઓ પર પણ તવાઈ ઉતારવામાં આવી હતી. સૌ પ્રથમ ગુજરાતમાં ગેરકાયદે વસવાટ કરતાં બાંગ્લાદેશીઓ વિરૂધ્ધ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ.

ત્રિપુરા,મેઘાલય, આસામ જેવા સરહદી રાજયોમાં પણ આવી કવાયત થઈ છે.દિલ્હી, હરીયાણા, આસામ, મહારાષ્ટ્ર તથા રાજસ્થાનમાં પણ આવી કવાયત કરવામાં આવી હતી. આધાર પુરાવા વિના ગેરકાયદે વસતા બાંગ્લાદેશીઓનો વતન ભેગા કરાયા છે. તેમાંથી અર્ધો ડઝન ગુજરાતમાંથી હાંકી કઢાયા હતા.

સુત્રોએ કહ્યુ કે ગેરકાયદે વસતા બાંગ્લાદેશીઓ વિરૂદ્ધ ઓપરેશન ચાલૂ જ છે.યોગ્ય પર્યાપ્ત દસ્તાવેજો ન હોવાના સંજોગોમાં અટક કરીને ઘરભેગા કરવાની પ્રક્રિયા કરવામાં આવે છે. પહેલગામનાં ત્રાસવાદી હુમલા બાદ આ કવાયત હાથ ધરવામાં આવી હતી.

ઓપરેશન સિંદુર બાદ તે વધુ તેજ કરવામાં આવી હતી. સૌ પ્રથમ ગુજરાત બાદ દિલ્હી અને હરીયાણામાં ઓપરેશન શરૂ કરાયુ હતું. હજુ વધુ રાજયોમાં તે શરૂ થશે. કેન્દ્રીય ગૃહમંત્રાલયને સ્પષ્ટ સુચના આપી જ છે.

આ બાંગ્લાદેશી નાગરીકોને જુદા જુદા સ્થાનોએ વાયુદળનાં વિમાનો મારફત સરહદે પહોંચાડવામાં આવ્યા હતા. ભોજન અને થોડા નાણા આપીને સરહદેથી પરત મોકલાય છે. આસામ-મેઘાલય તથા ત્રીપુરામાં મોટુ ઓપરેશન ચાલી રહી છે.

૨૦૦૦ જેટલા બાંગ્લાદેશીઓ તો બોર્ડરથી ઘુસે તે પૂર્વે જ પાછા ફરી ગયા છે. કારણ કે તેઓને ભારતમાં તવાઈ ઉતરવાની બીક છે. બાંગ્લાદેશીઓને બોર્ડર યાર્ડ બાંગ્લાદેશ સ્વીકારી લેતુ હોવાથી પ્રક્રિયા સરળતાથી ચાલી રહી છે.

સુત્રોના કહેવા પ્રમાણે દાયદાઓથી ભારતમાં વસવાટ કરનારા સિવાયનાં બાંગ્લાદેશીઓ ખાસ રકઝક કરતા નથી અને ઘરભેગા થઈ જાય છે. બાંગ્લાદેશ સીમામાં પહોંચીને તેઓ સગા સબંધીને બોલાવીને ચાલ્યા જાય છે. મોટાભાગનાં ગરીબ અને શ્રમિકો હોવાથી કાનુની લડત કરવાની હેસીયત હોતી નથી અને કોઈ રકમઝક વિના જ પરિવાર પાસે પહોંચી જાય છે.

# સિક્કિમ-મણિપુરમાં વરસાદથી હાહાકારઃ ૩૨ના મોત



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં વરસાદે હાહાકાર મચાવ્યો છે. અનેક રાજ્યોમાં મૂશળધાર વરસાદથી જનજીવન ખોરવાયું છે. મણિપૂરમાં વરસાદે તબાહી મચાવી છે. પૂરની સ્થિતિમાં ૧૯ હજારથી વધુ લોકો પ્રભાવિત થયા છે. અધિકારીઓએ સત્તાવાર માહિતી આપી છે. અધિકારીએ જણાવ્યું કે, છેલ્લા ચાર દિવસમાં સતત વરસી રહેલા અનારાધાર વરસાદના કારણે પૂર આવતાં ૩૨ લોકોના મોત થયા છે, ૩૩૬૫ ઘર તણાયા છે. લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ઈમ્ફાલના પૂર્વીય જિલ્લામાં અનેક રાહત શિબિર કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે.

વરસાદના કારણે મણિપૂરના સેનાપતિ જિલ્લાની સાથે સાથે ઈમ્ફાલના પૂર્વીય જિલ્લા હિનગાંગ, વાંગખેઈ અને ખુરઈ વિધાનસભા ક્ષેત્રમાં સૌથી વધુ નુકસાન થયું છે. તદુપરાંત આસામ, સિક્કમ, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ અને મણિપૂરમાં પણ મૂશળધાર વરસાદ, પૂર, અને ભૂસ્ખલનના કારણે અનેક મોત થયા છે. અનેક લોકો ઘાયલ થયા છે.

સિક્કિમમાં ફસાયેલા પર્યટકોને પોલીસ, સ્થાનિકો, વન કર્મીઓ અને લાચુંગ હોટલ એસોસિએશન દ્વારા બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ૩૨ લોકોના મોત થયા છે. લાચુંગ હોટલ એસોસિએશનના અધ્યક્ષ ગ્યાત્સો લાચુંગપા સ્થાનિક પ્રશાસનના સહયોગમાં અટવાયેલા લોકોને બહાર સુરક્ષિત સ્થળે ખસેડી રહ્યા છે.

અરૂણાચલ પ્રદેશમાં સેનાએ અત્યારસુધીમાં ભારે વરસાદમાંથી ૧૪ લોકોને બચાવ્યા છે. અનેક રસ્તાઓ, ગામડાંઓમાં પાણી ફરી વળતાં ભારતીય વાયુ સેના (IAF)એ બચાવ કામગીરી હાથ ધરવી પડી છે. જેમાં અરૂણાચલ પ્રદેશના નીચાણવાળા વિસ્તાર દિબાંગ ખીણમાં પૂરગ્રસ્ત બોમઝીર નદીમાં ફસાયેલા ૧૪ લોકોને બચાવવામાં આવ્યા છે. ગુવાહાટીના રક્ષા જનસંપર્ક અધિકારી અનુસાર, આસામ અને અરૂણાચલ પ્રદેશની રાજ્ય સરકારે તાત્કાલિક ધોરણે બચાવ અભિયાન શરૂ કર્યા છે. તેમજ લોકોને નીચાણ વાળા વિસ્તારમાં ન જવા આદેશ આપવામાં આવ્યો છે.

ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં મૂશળધાર વરસાદના કારણે સર્જાયેલા વિનાશક પૂરમાં ૩૨ લોકોના મોત અને અનેક ગુમ થયા છે. સેપ્પા પશ્ચિમ વિધાનસભા ક્ષેત્રમાં હાઈવે પર પૂરના કારણે સાત લોકોના મોત થયા હતા. કેન્દ્રીય ગૃહમંત્રીએ આ રાજ્યોના મુખ્યમંત્રી સાથે વાતચીત કરી છે. આઈએએફએ એમઆઈ-૧૭ હેલિકોપ્ટરની મદદથી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરી છે.

હવામાન વિભાગે અરૂણાચલ પ્રદેશ માટે ૬ જૂન સુધી રેડ એલર્ટ જારી કર્યું છે. ૭ જૂન સુધી ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના દર્શાવી છે.

# અમેરિકામાં 'પેલેસ્ટાઇનને આઝાદ કરો'ના નારા લગાવીને ભીડ પર બોમ્બમારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાના કોલોરાડોમાં એક યહૂદી કાર્યક્રમ દરમિયાન એક વ્યક્તિ પર હુમલો કરવામાં આવ્યો. એવું જાણવા મળ્યું છે કે હુમલાખોર આ દરમિયાન 'ફ્રી પેલેસ્ટાઈન' જેવા નારા લગાવી રહ્યો હતો. હાલમાં, પોલીસે આરોપીને કસ્ટડીમાં લીધો છે. FBI એટલે કે ફેડરલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશનએ તેને આતંકવાદી ઘટના ગણાવી છે. આ હુમલામા અનેક લોકોને ઈજા પહોંચી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કોલોરાડોના બોલ્ડરમાં એક જૂથ ઇઝરાયલી બંધકોના સ્મરણાર્થે એકત્ર થયું હતું. તે દરમિયાન એક વ્યક્તિએ ભીડ પર મોલોટોવ કોકટેલ ફેંકયા. તેણે ફ્લેમથ્રોવરથી પણ હુમલો કર્યો. હુમલાખોરની ઓળખ મોહમ્મદ સાબરી સુલેમાન તરીકે થઈ છે. એવું જાણવા મળ્યું છે કે હુમલાખોર ભીડ પર હુમલો કરતી વખતે ફ્રી પેલેસ્ટાઇનના નારા લગાવી રહ્યો હતો.

બોલ્ડર પોલીસ વડા સ્ટીફન રેડફર્ને કહ્યું છે કે સ્થાનિક પોલીસ એક વ્યક્તિ હથિયાર સાથે ફરતી અને લોકોને સળગાવતી હોવાની માહિતી મળ્યા બાદ ઘટનાસ્થળે પહોંચી હતી. હુમલામાં ઘાયલ થયેલા તમામ ૬ લોકોની ઉંમર ૬૭ થી ૮૮ વર્ષની વચ્ચે છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે એક દર્દીની હાલત



ગંભીર છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યો છે. હાલમાં પોલીસે હુમલાખોર વિશે વધુ માહિતી આપી નથી. એવું માનવામાં આવે છે કે તેણે એકલા જ આ ઘટનાને અંજામ આપ્યો હતો અને ઘટનાસ્થળે અન્ય કોઈ શંકાસ્પદ વ્યક્તિ જોવા મળી ન હતી. ખાસ વાત એ છે કે તે પોતે આ હુમલામાં ઘાયલ થયો છે અને તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તેને કેટલી ઈજાઓ થઈ છે તે સ્પષ્ટ નથી.

FBI ના ડેપ્યુટી ડિરેક્ટરે લખ્યું, 'પ્રારંભિક માહિતીના આધારે, આ આતંકવાદી ઘટનાની વિચારધારાથી પ્રેરિત હિંસાની ઘટના તરીકે તપાસ કરવામાં આવી રહી છે. જ્યારે હકીકતો સામે આવશે ત્યારે અમે આ ઘટનાઓ પર સ્પષ્ટ વાત કરીશું.'

# રામમંદિર પરિસરમાં આઠ દેવાલયોમાં પ્રાણ પ્રતિષ્ઠાના અનુષ્ઠાનની તૈયારી પૂર્ણ



**મુખ્ય સમાચાર, અયોધ્યા**

રામમંદિર પરિસરમાં આઠ દેવાલયોમાં એક સાથે પ્રાણ પ્રતિષ્ઠાના અનુષ્ઠાનની તૈયારી પુરી થવા લાગી છે.કાર્યક્રમ ૩ જુનથી શરૂ થઈને ૫ જુન સુધી ચાલશે પરંતુ તેના એક દિવસ પહેલાં ૨ જુને એટલે કે વૈદિક માન્યતાઓ મુજબ સરયુ તટથી ૪૦૦ મહિલાઓ સરયુ જલ લઈને કલશ યાત્રાએ નીકળશે.

ત્યારબાદ ૩ જુનથી પ્રાણ પ્રતિષ્ઠા અનુષ્ઠાન શરૂ થઈ જશે. મંદિરનાં ટ્રસ્ટી ડો. અનિલ મિશ્રે જણાવ્યું હતું કે બધા મંદિરનાં અનુષ્ઠાન માટે યજમાન નકકી થઈ ગયા છે. તેમણે જણાવ્યું હતું કે બધા અનુષ્ઠાનમાં રામલલ્લાનાં પ્રાણ પ્રતિષ્ઠા જેવા હશે.આ વખતે સીમીત સંખ્યામાં જ સંત-મહંત-અતિથિ સામેલ થશે.

રામમંદિરની સાથે મુખ્ય કલશની સાથે જ કમ્પાઉન્ડ વોલના ૫ મંદિરોના કલશ પર સોનાના પડ લગાવવાનું કામ પુરૂ કરવામાં આવ્યુ છે. આ મંદિરના શિખરો સોનાની ચમકથી ખૂબ જ સુંદર લાગી રહ્યા છે, લાઈટીંગથી ચમક ખૂબ જ વધી જાય છે.

રામ મંદિરનાં પાંચેય મંડપ, રંગ મંડપ અને ગુઢી મંડપ, ઉપરાંત પ્રાર્થના અને કીર્તન મંડપનાં શિખર કલશ પણ સ્વર્ણિમ આભાથી ચમકી રહ્યા છે. કમ્પાઉન્ડ વોલનાં બધા ૬ મંદિરોનાં શિખર સ્વર્ણ મંડીત કરાયા છે. આ કાર્ય માટે અમદાવાદથી કારીગરોની ટીમ અયોધ્યા આવી છે.


પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમને લઈને રામ મંદિરને પુરી રીતે સજાવવામાં આવેલ છે.ભીષણ ગરમીના કારણે પ્રાણ પ્રતિષ્ઠાવાળા બધા મંદિરોની અંદર ફુલ બંગલાની સજાવટ કરાઈ છે. જયારે બહારી ભાગને લાઈટીંગથી સજાવાયો છે. પ્રાણ પ્રતિષ્ઠા માટે યજ્ઞ શાળા પણ બનીને તૈયાર થઈ ગઈ છે.

# ભારતમાં કોરોનાનો કહેરઃ સક્રિય કેસની સંખ્યા ૪૦૦૦ નજીક

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં કોરોના વાયરસનો પ્રકોપ ફરી એકવાર ચિંતાજનક સ્તરે પહોંચી રહ્યો છે. દેશમાં કોવિડ-૧૯ ના સક્રિય કેસોની સંખ્યા ઝડપથી વધીને ૪૦૦૦ ની નજીક પહોંચી ગઈ છે, જે સ્વાસ્થ્ય તંત્ર માટે પડકારરૂપ બની છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આંકડા મુજબ, રવિવાર (૧ જૂન) સુધીમાં દેશમાં કોરોનાના કુલ ૩૯૬૧ સક્રિય કેસ નોંધાયા છે. આ ભયાવહ સ્થિતિ વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૪ લોકોના દુઃખદ મોત પણ થયા છે.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં કોરોનાના સૌથી વધુ ૪૭ નવા કેસ સામે આવ્યા છે. આ નવા કેસો સાથે દિલ્હીમાં કોવિડના સક્રિય કેસોની સંખ્યા ૪૮૩ પર પહોંચી ગઈ છે, જે રાષ્ટ્રીય રાજધાની માટે ગંભીર સંકેત છે. જોકે, દેશભરમાં સૌથી વધુ સક્રિય કેસ કેરળ રાજ્યમાં જોવા મળી રહ્યા છે, જ્યાં કોરોનાના ૧૪૩૫ સક્રિય દર્દીઓ હાલ સારવાર હેઠળ છે.



કોરોના વાયરસના કારણે દેશભરમાં ૪ વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. મૃત્યુ પામેલાઓમાં દિલ્હીની ૨૨ વર્ષીય મહિલા, તમિલનાડુનો ૨૫ વર્ષીય પુરુષ, મહારાષ્ટ્રનો ૪૪ વર્ષીય પુરુષ અને કેરળનો એક વ્યક્તિનો સમાવેશ થાય છે. આ આંકડા દર્શાવે છે કે કોરોના ફરી જીવલેણ સાબિત થઈ રહ્યો છે.

રાજ્યવાર આંકડા જોઈએ તો, કેરળ સૌથી વધુ સક્રિય કેસ ધરાવે છે, જ્યાં ૧૪૩૫ કેસ નોંધાયા છે અને ગઈકાલથી ૩૫ કેસનો વધારો થયો છે. મહારાષ્ટ્ર માં પણ ૫૦૬ સક્રિય કેસ છે અને ૨૧ નવા કેસ નોંધાયા છે. દિલ્હી માં ૪૮૩ સક્રિય કેસ સાથે ગઈકાલથી ૪૭ કેસનો નોંધપાત્ર વધારો થયો છે. ગુજરાત માં ૩૩૮ સક્રિય કેસ છે, જેમાં ૧૮ નવા કેસનો ઉમેરો થયો છે, જ્યારે ૧ જાન્યુઆરીથી કુલ ૧૨૦ કેસ નોંધાયા છે. પશ્ચિમ બંગાળ માં ૩૩૧ સક્રિય કેસ છે અને ગઈકાલથી ૪૪ કેસનો મોટો ઉછાળો જોવા મળ્યો છે. કર્ણાટક માં ૨૫૩ સક્રિય કેસ છે, જેમાં ગઈકાલથી ૧૫ કેસનો વધારો થયો છે. આ ઉપરાંત, આંધ્રપ્રદેશ (૩૦), બિહાર (૫), છત્તીસગઢ (૭), જમ્મુ અને કાશ્મીર (૯), ઝારખંડ (૧૧), મધ્યપ્રદેશ (૨૩), ઓડિશા (૧૨), રાજસ્થાન (૬૯), સિક્કિમ (૪) અને ઉત્તર પ્રદેશ (૧૫૭) માં પણ નવા કેસ નોંધાયા છે.

દેશમાં કોરોનાના કેસોમાં થઈ રહેલો આ ઝડપી વધારો તબીબી નિષ્ણાતો અને સરકાર માટે ચિંતાનો વિષય બન્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા તમામ રાજ્યોને સાવચેતીના પગલાં લેવા અને લોકોને કોવિડ-૧૯ સંબંધિત માર્ગદર્શિકાઓનું કડક પાલન કરવા અપીલ કરવામાં આવી છે. માસ્ક પહેરવા, સામાજિક અંતર જાળવવું, નિયમિતપણે હાથ ધોવા અને ભીડવાળી જગ્યાઓ ટાળવી એ અત્યંત આવશ્યક બની ગયું છે.

# દેશમાં ભ્રષ્ટાચારનો ભોરીંગ બેફામ

## ૨૫ લાખની લાંચમાં IRS અધિકારી ઝબ્બે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં ભ્રષ્ટાચારનો ભોરીંગ કાબુમાં આવતો નથી અને ઉપલા લેવલે પણ મોટુ દુષણ હોવાની સાબિતી મળતી હોય તેમ સીબીઆઈએ રૂા.૨૫ લાખની લાંચ લેવાનાં આરોપસર ઈન્ડીયન રેવન્યુ સર્વીસ (આઈઆરએસ)ના અધિકારી અમીતકુમાર સિંઘલની ધરપકડ કરી હતી. અધિકારી વતી લાંચ મેળવતાં વચેટીયાને રંગે હાથ પકડી પાડવામાં આવ્યો હતો.

સીબીઆઈ દ્વારા જાહેર કરાયુ છે કે, દિલ્હીમાં ડીરેકટોરેટ ઓફ ટેકસપેયર, સર્વીસમાં એડીશ્નલ ડીરેકટર જનરલ તરીકે ફરજ બજાવતા ૨૦૦૭ ની બેંચના અધિકારી અમીતકુમાર સિંઘલ વતી રૂા.૨૫ લાખની લાંચ લેતા ખાનગી વ્યકિત, વચેટીયાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો હતો.

અધિકારીનાં દિલ્હી સ્થિત નિવાસસ્થાને પણ દરોડા પાડવામાં આવ્યા હતા.ત્યારબાદ બન્નેની વિધીવત ધરપકડ કરવામાં આવી હતી. આવકવેરા વિભાગમાં તરફેણની કાર્યવાહી માટે તેણે ૪૫ લાખ માંગ્યા હતા અન્યથા આકરા દંડ કેસની ધમકી આપી હતી.

# પીએમ જન આરોગ્ય યોજનાની નોંધણીમાં હોસ્પિટલોનો રસ ઓછો થયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જરૂરીયાતમંદ દર્દીઓને મફત સારવારની આયુષ્યમાન ભારત પીએમ જન આરોગ્ય યોજના તરફ હોસ્પીટલોનો રસ ઓછો થતો હોય તેમ હોસ્પીટલોની નોંધણીમાં ઘટાડો થયો છે.વર્ષ ૨૦૨૪ માં દર મહિને સરેરાશ ૩૧૬ હોસ્પીટલોની નોંધણી થતી હતી તે સંખ્યા ચાલુ વર્ષે ૨૦૨૫ માં ઘટીને માત્ર ૧૧૧ ની રહી ગઈ છે.

નેશનલ હેલ્થ ઓથોરીટી દ્વારા રજુ કરવામાં આવેલી આંકડાકીય માહીતી મુજબ ચાલુ વર્ષનાં ચાર મહિનામાં દેશભરમાં ૪૪૩ હોસ્પીટલોમાં પીએમજેવાય યોજનામાં નોંધણી કરાવી છે. જાન્યુઆરીમાં ૧૬૧, ફેબ્રુઆરીમાં ૧૮૭, માર્ચમાં ૪૦, એપ્રિલમાં ૧૫, હોસ્પીટલોની નોંધણી થઈ હતી. મે મહિનામાં સંખ્યા માત્ર ૨૦ ની હતી.

આરોગ્ય સંગઠનોના કહેવા પ્રમાણે સારવારની નીચા દર તથા સરકાર દ્વારા બીલના નાણા ચુકવવામા કરાતા વિબંલથી ખાનગી હોસ્પીટલો રસ લેતી નથી. સરકાર તરફથી એવો દાવો કરવામાં આવ્યો છે કે નવી સીસ્ટમને કારણે સંખ્યા અપડેટ થવામાં ઢીલ હોવાની શકયતા છે.

પીએમજેએવાય યોજના પશ્ચિમ બંગાળ સિવાય દેશભરનાં રાજયો-કેન્દ્ર શાસીત પ્રદેશોમાં લાગુ છે. ૨૦૦૦ પ્રકારની સારવાર મફતમાં કરવામાં આવે છે. કેન્સર-કિડનીથી માંડીને ઓર્થોપેડીક સુધીની સારવાર સામેલ છે.

દિલ્હીમાં જાણીતી હોસ્પીટલ ચેઈનનાં સીઈઓએ એમ કહયું કે સરકારી સારવારનાં સરકારી દરથી હોસ્પીટલ દ્વારા દર્દી પર કરાતો ખર્ચ પણ નીકળી શકતો નથી. સરકાર દર વધારે તો અનેક હોસ્પીટલો તેમાં જોડાવા તૈયાર થઈ શકે તેમ છે.

પીએમજેવાય યોજના હેઠળ સારવારનાં દરમાં વધારો કરી દેવા ઈન્ડીયન એસોસીએશને પણ સરકારમાં રજુઆત કરી છે. સંસદનાં ગત સત્રમાં એક પ્રશ્નનાં જવાબમાં આરોગ્ય રાજયમંત્રી પ્રતાપરાવ જાદવે કહ્યું હતું કે ૨૦૧૮ થી દેશભરની ૬૦૯ હોસ્પીટલો યોજનામાંથી નીકળી ગઈ હતી.




તે પાછળનાં અનેક કારણો હતા. જે અંતર્ગત હોસ્પીટલ બંધ થઈ હોય સ્ટાફ શોર્ટેજ હોય સરકારી સારવાર દર ઓછા લાગતા હોય. જેના કારણે હોઈ શકે છે. ગુજરાત અને છતીસગઢમાં અમુક સારવાર માત્ર સરકારી હોસ્પીટલોમાં જ માન્ય રાખવાનો નિયમ પણ કારણરૂપ છે.

# જામનગર જી. જી. હોસ્પિટલમાં કર્મચારીઓએ આચર્યું લાખોનું ઉચાપત કૌભાંડ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જી.જી. હોસ્પિટલમાં મસમોટું વાઉચર કૌભાંડ બે કર્મચારીઓ સામે ફરિયાદ.જામનગરની ગુરુ ગોબિંદસિંઘ (જી.જી.) હોસ્પિટલના વહીવટી તંત્રમાં એક મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે, જેણે સમગ્ર આરોગ્ય તંત્રમાં ખળભળાટ મચાવી દીધો છે.હોસ્પિટલના જ બે કર્મચારીઓએ ભેગા મળીને, હોસ્પિટલના અંધેર અને બેદરકાર વહીવટનો લાભ ઉઠાવી, બોગસ વાઉચરો દ્વારા લાખો રૂપિયાની સરકારી રકમ પોતાના અંગત બેંક ખાતાઓમાં જમા કરાવી દીધી હતી. આ સમગ્ર મામલો ત્યારે સામે આવ્યો જ્યારે તિજોરી કચેરીએ શંકાસ્પદ વ્યવહારો પકડી પાડ્યા, જેના પગલે હોસ્પિટલના વહીવટી અધિકારી દ્વારા જામનગર સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને ઉચાપતની ફરિયાદ નોંધાવવામાં આવી છે.આ કૌભાંડની ગંભીરતાને



જોતાં, ગાંધીનગરથી ઉચ્ચ તબીબી વહીવટી અધિકારીઓની એક ટીમ વધુ તપાસ માટે જામનગર આવવા રવાના થઈ ગઈ છે.આ સમગ્ર કૌભાંડની વિગતો એવી છે કે, જી.જી. હોસ્પિટલના વહીવટી વિભાગમાં આઉટસોર્સ કર્મચારી તરીકે ફરજ બજાવતા ભાર્ગવ વિજયભાઈ ત્રિવેદી (રહે. ૯ દિગ્વિજય પ્લોટ, જામનગર) અને દિવ્યા જયેશભાઈ મુંગરા (રહે. કૃષ્ણનગર, શેરી નં-૫, સોઢા સ્કૂલની સામે, જામનગર) દ્વારા આ કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આરોપીઓએ ઓક્ટોબર ૨૦૨૩ થી લઈને ૨ એપ્રિલ ૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન, કર્મચારીઓના પગાર ચૂકવવા માટેના અસલી વાઉચરોની સાથે ડુપ્લીકેટ વાઉચરો પણ તૈયાર કર્યા હતા. આ ડબલ વાઉચરોના ઝાળ પર તેઓએ હોસ્પિટલના વહીવટી વિભાગના ઉચ્ચ અધિકારીઓના હસ્તાક્ષર કરાવી લીધા હતા, જેઓ અજાણતા જ આ કૌભાંડનો ભાગ બની ગયા હતા.આ કૌભાંડનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે જામનગરની લાલ બંગલા સ્થિત તિજોરી કચેરીના અધિકારીઓએ અલગ-અલગ કર્મચારીઓના નામના વાઉચરો પર એક જ બેંક ઓફ બરોડાના એકાઉન્ટ નંબર ૦૩૬૭૦૧૦૦૦૫૫૮૪૪ વારંવાર આવતો હોવાનું ધ્યાને લીધું. શંકા જતા તેમણે ઉંડાણપૂર્વક તપાસ કરી અને સમગ્ર મામલાની જાણ જી.જી. હોસ્પિટલના વહીવટી ફરજ બજાવતા ડો. ભાવિનભાઈ કણસાગરા અને તબીબી અધિક્ષક ડો. દીપક તિવારીને કરી. તિજોરી અધિકારી દ્વારા સમગ્ર પુરાવા રજૂ કરાતા હોસ્પિટલના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા અને તેમણે સ્વીકાર્યું કે તેમની પાસે બોગસ વાઉચર મા શાહીનો કરાવીને એક મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે.આ ઘટના બાદ, હોસ્પિટલના વહીવટી વિભાગના ડો. ભાવિન ચંપકભાઈ કણસાગરાએ જામનગર શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા (બી.એન.એસ.) ૨૦૨૩ની કલમ ૩૧૬(૫) (સરકારી કર્મચારી દ્વારા ગુનાહિત વિશ્વાસઘાત) અને ૫૪ હેઠળ ગુનો નોંધ્યો છે, ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપીઓએ સરકારી નાણાં હોવાનું જાણતા હોવા છતાં, અંગત ફાયદા માટે અંદાજિત રૂ. ૧૭,૨૦,૦૦૦ જેવી માતબર રકમની ઉચાપત કરી છે.આ રકમ બેંક ઓફ બરોડાના ખાતા ઉપરાંત અન્ય ત્રણ ખાતાઓ, જેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એકાઉન્ટ નંબર ૨૦૩૩૮૯૪૧૭૨૯, ૩૮૫૯૭૧૫૪૧૫૩, અને ૨૦૩૭૫૭૬૯૮૭૬ નો સમાવેશ થાય છે, તેમાં જમા થઈ હોવાનું માલુમ પડ્યું છે. આ સમગ્ર કેસની તપાસની જવાબદારી જામનગર શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.પી. સોઢાને સોંપવામાં આવી છે.

# જામનગર જિલ્લામાં અનાજ વિતરણની મુદત તા.૫ જૂન સુધી લંબાવાઈ

**બાકી રહેતા લાભાર્થીઓએ સત્વરે e-KYC પૂર્ણ કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરાતો અનુરોધ**

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં રાશન મળવાપાત્ર કોઈ પણ લાભાર્થી અનાજથી વંચિત ન રહે તે માટે મે-૨૦૨૫ અને જૂન-૨૦૨૫ માસનો મળવાપાત્ર અનાજનો જથ્થો વિતરણ કરવાની મુદત તા. ૦૫/૦૬/૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.જે લાભાર્થીઓએ હજુ સુધી પોતાનું મળવાપાત્ર અનાજ મેળવ્યું નથી, તેમને તા. ૦૫/૦૬/૨૦૨૫ સુધીમાં વિતરણ દુકાન પરથી પોતાનો જથ્થો મેળવી લેવા ખાસ અનુરોધ કરવામાં આવે છે.વધુમાં, જે લાભાર્થીઓને ઈ-કેવાયસી બાકી હોવાને કારણે અનાજ મેળવવાનું બાકી છે, તેમને તાત્કાલિક પોતાનું ઈ-કેવાયસી પૂર્ણ કરાવીને તા. ૦૫/૦૬/૨૦૨૫ સુધીમાં પોતાનો મળવાપાત્ર




અનાજનો જથ્થો મેળવી લેવા જિલ્લા પુરવઠા અધિકારી શ્રી જામનગરની યાદીમાં જણાવાયું છે.વધુમાં રાષ્ટ્રીય અન્ન સુરક્ષા-કાયદો-૨૦૧૩ (N.F.S.A) હેઠળ સમાવિષ્ટ જિલ્લાના તમામ લાભાર્થીઓને "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" હેઠળ વિના-મૂલ્યે મળતા અનાજનો લાભ આપવા માટે જિલ્લા વહીવટી તંત્ર કટિબદ્ધ છે.આ લાભ મેળવવા માટે અને લાભાર્થીઓનો સાચી ઓળખ પ્રસ્થાપિત કરવા માટે સાચા લાભાર્થીઓને નિયત કરેલ ધારા-ધોરણ પ્રમાણે લાભ મળે તે માટે e-KYC શરુ કરવામાં આવેલ છે.જે અંતર્ગત અત્યાર સુધીમાં જિલ્લામાં ૮૭% થી વધુ લાભાર્થીઓએ પોતાનું e-KYC પૂર્ણ કરેલ છે.રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા-૨૦૧૩ (N.F.S.A) હેઠળ લાભ મેળવતા તમામ લાભાર્થીઓએ e-KYC બાકી હોય તો ત્વરીત e-KYC કરાવી લેવું.આ e-KYC નો ઉદ્દેશ સાચા લાભાર્થીઓની ઓળખ કરવા માટેનો છે.આથી કોઈએ ખોટી અફવાઓ પર ધ્યાન ન આપવા પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવે છે.

# જામનગરમાં પ્રથમ વખત યોજાઈ વિહાર સ્વિમિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધા






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં અને જિલ્લાના તરવૈયાઓ એ સ્વ: વિહાર અજયભાઈ ત્રિવેદી સ્વિમિંગ કોચ ના નામ પર યોજાયેલ વિહાર સ્વિમિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫ ની સ્પર્ધામાં નાના મોટા ૫૩ બોયસ અને ૫૧ ગર્લ્સ મળી કુલ ૧૦૪ સ્પર્ધકો એ સ્પર્ધા માં ભાગ લઈ સ્પર્ધા સફળ બનાવી હતી અને તરણાંજલી આપી હતી.જામનગર સાઈકલ ક્લબ અને વિહાર ત્રિવેદી પાસે થી સ્વિમિંગ શીખેલા બાળકો ના વાલીઓ દ્વારા સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું આ તકે વિહાર ત્રિવેદી ના માતા પિતા તેમના ધર્મ પત્ની અને



તેમની બાળકી સાથે સ્પોર્ટ કોમ્પ્લેક્સ ના મેનેજર અજય ભાઈ ગુસાણી સહિત ના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય વિધી કરી સ્પર્ધા ને ખુલ્લી મુકવામાં આવી હતી.અલગ અલગ એઈજ કેટેગરીમાં ટોટલ ચાર તરણ પ્રકાર ની સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં ફ્રી સ્ટાઈલ, બેક સ્ટ્રોક, બટરફલાય અને બ્રેસ્ટ સ્ટ્રોક એવી ૫૦ મીટર ૧૦૦ મીટર જેવી ઈવેન્ટોનું આયોજન કરવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન જામનગર સાયકલિંગ ક્લબના સહકારથી તથા સિનિયર સ્વીમર કોચ, સિનિયર સ્વીમરો તથા સ્પોર્ટ કોમ્પ્લેક્સ સ્વિમિંગપુલના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ હતું.સાથે સ્વિમિંગમાં આવતા સભ્યોને સ્પોર્ટ કોમ્પ્લેક્સના સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા સેવા પૂરી પાડવામાં આવી હતી.આ તકે દરેક ઈવેન્ટમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય વિજેતાઓને ગોલ્ડ સિલ્વર અને બ્રોન્ઝ મેડલ સાથે જ સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# જામનગરમાં મેગા ડિમોલેશન : નવાગામના સ્વામિનારાયણ, મધુવન સોસાયટીમા કાર્યવાહી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સ્વામિનારાયણનગરથી ગાંધીનગર સુધીનો ડીપી કપાત રસ્તા માટે ડિમોલિશન કરવાની કામગીરી શરૂ થતા હલ્લાબોલ. પોલીસ અને લોકો આમને સામને વાતાવરણ ઉગ્ર બન્યું, કોર્પોરેટર રચનાબેન નંદાણીયા સહિત સ્થાનિક આગેવાનો ની અટકાયત.જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્વામિનારાયણ નગરથી ગાંધીનગર સુધીના માર્ગે ૧૨ મીટર રસ્તો પહોળો કરવા માટેની ડીપી કપાતની કામગીરી આજે બીજા દિવસે પણ અવિરત કામગીરી ચાલુ રખાઇ છે. અને ૧૦૦ થી વધુ મિલકતો ઉપર મનપાનો હથોડો વીંઝવામાં આવી રહ્યો છે. જોકે બીજા દિવસે શાંતિપૂર્ણ રીતે કામગીરી ચાલી હતી.જામનગર મહાનગરપાલિકા



મિલકત ધારકો ને મહાનગરપાલિકાના તંત્ર દ્વારા આખરી નોટિસ પાઠવવામાં આવી હતી. અને તેના ભાગરૂપે મેગા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું છે. આજે મિલકતોમાં પાડતોડ ની કાર્યવાહીમાં પણ

દ્વારા સ્વામિનારાયણ નગર થી ગાંધીનગર સુધીના માર્ગે ૧૨ મીટર રસ્તો પહોળો કરવા માટેની ડીપી કપાતની કામગીરીનો ગઈકાલે સ્થાનિકોના ભારે વિરોધ અને ઘર્ષણ વચ્ચે પ્રારંભ કરાયો હતો. અને મક્કમતા દાખવીને ઉગ્ર વિરોધની વચ્ચે ડિમોલેશન કામ શરૂ કરી દેવાયું હતું. અને પ્રથમ દિવસે ૧૧૧ મિલકતો પર કપાત સહિતની કામગીરી કરી લેવાયા બાદ આજે રવિવારે બીજા દિવસે પણ અવિરત કામગીરી ચાલુ રખાઇ છે. અને ૧૦૦ થી વધુ મિલકતો ઉપર મનપાનો હથોડો વીંઝવામાં આવી રહ્યો છે. જોકે બીજા દિવસે શાંતિપૂર્ણ રીતે કામગીરી ચાલી હતી. જામનગરના સ્વામિનારાયણ નગર થી નવાગામ ઘેડ સુધી ૩.૫ કી.મી નો વિસ્તાર કે જેમાં ૩૩૧ તમામ મશીનરી કામે લગાડવામાં આવી છે. અને મનપાના ૧૫૦થી વધુનો સ્ટાફ જોડાયેલો છે. સાથે સાથે સીટી બી. ડિવિઝનના પી.આઈ. પી.પી.ઝાના માર્ગદર્શન હેઠળ ૧૦૦થી વધુ મહિલા સહિતના પોલીસ કર્મચારીઓ ફરજમાં ગોઠવાયેલા છે. અને એકંદરે શાંતિ પૂર્ણ રીતે ડિમોલેશન કાર્ય ચાલી રહ્યું છે.

# ઉપલેટાના વેણુ-૨ ડેમમાં દરવાજાના રીપેરીંગની કામગીરીને લઈને ચાર દરવાજા ચાર ફૂટ ખોલી પાણી છોડવાનું આયોજન કરાયું

## ડેમના વીસ દરવાજાની મરામત કરવાની કામગીરીને લઈને ડેમમાંથી ક્રેસ્ટ ઉપરનો પાણીનો જથ્થો ખાલી કરાયો

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટા તાલુકાના ગાયત્રી આશ્રમ પાસે આવેલા વેણુ બેડેમના દરવાજાના રીપેરીંગ ની કામગીરીને લઈને બે ડેમના ચાર દરવાજા ચાર ફૂટ ખોલ્યા હતા. જેમાં ડેમના દરવાજા ખોલી અને ડેમમાંથી ૬૮૨૩ દિવસે પાણી છોડવામાં આવ્યું છે જેમાં ડેમમાંથી પાણી છોડવામાં આવતા ડેમના સિંચાઈ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ડેમના હેઠવાસમાં આવતા ગામો તેમજ નદી કાંઠા વિસ્તારના લોકોને એલર્ટ કરી નદીના પટમાં ન જવું તેમ જ પાણીના વેણમાં કોઈપણ પ્રકારનું જોખમ ન ખેડવા માટેની સૂચના આપી હતી.



આ અંગે માહિતી આપતા વેણુ બેડેમના ઈજનેર ચેતન યોગાનંદી દ્વારા જણાવ્યું છે કે, વેણુ બે ડેમના દરવાજાની મેન્ટેનન્સની કામગીરી કરવાની હોવાથી ક્રેસ્ટ ઉપરનો પાણીનો જથ્થો ખાલી કરવા માટે જરૂરી હતું જેને લઈને વેણુ બે ડેમમાં કુલ ૭૯૭ એમસીએફટી પાણીની કેપેસિટી છે જેમાં ડેમમાં રહેલા હાલનો જથ્થો ૨૯૪ એમસીએફટી પાણીના જથ્થામાંથી ૧૬૫ એમસીએફટી એટલે કે ૬૮૨૩ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે અને સાથે જ વેણુ બે ડેમમાં ૧૨૯ એમસીએફટી પાણીનો જથ્થો પીવાના પાણી માટે અનામત રાખ્યો છે.

વેણુ બે ડેમમાંથી પાણી છોડતા પહેલા અને છોડ્યા બાદ પણ ડેમના હેઠવાસમાં આવતા ગામ જેવા કે વરજાંગજાળીયા, ગધેથડ, નાગવદર, મેખાટીંબી, નિલાખા, ગણોદ સહિતના વેણુ નદી કાંઠાના ગામો તેમજ કાંઠા તમામ વિસ્તારોને તંત્ર દ્વારા એલર્ટ કરવામાં આવ્યા છે ત્યારે પાણીના પ્રવાહમાં તેમજ નદીના વેણમાં પ્રવેશી ખોટું જોખમ ન લઈ શકત રહેવાની સૂચના આપી છે અને સતર્ક રહેવા તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ઊના પોલીસ સ્ટેશનમાં ઈદના તહેવારને લઈને શાંતિ સમિતિની બેઠક યોજાઈ



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના પોલીસ સ્ટેશનમાં આજે શાંતિ સમિતિની બેઠક યોજાઈ જેમાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સૂચનો કરવામાં આવ્યા આગામી દિવસોમાં બકરી ઈદનો તહેવાર આવી રહ્યો છે જેને લઈને આજે હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ડીવાયએસપીના અધ્યક્ષ સ્થાને આ શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી મુસ્લિમ સમાજના આગેવાનો પાસે જુલસને લઈને પોલીસને માહિતગાર કર્યા ત્યારે હિન્દુ સમાજના આગેવાનોમાં નગરપાલિકા પ્રમુખ પરેશભાઈ બાભણીયા તેમજ નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ ચંદ્રેશભાઇ જોશી મનોજભાઈ બાભણીયા તેમજ હિન્દુ યુવા સંગઠન હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા ત્યારે રસિકભાઈ ચાવડા હાજર રહ્યા હતા ત્યારે મુસ્લિમ સમાજના આગેવાનોમાં અબ્બાસભાઈ સુમરાણી દેલવાડાના મોસીનભાઈ તેમજ અન્ય મુખ્ય સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિતિમાં આ શાંતિ સમિતિની બેઠક અંતે પૂર્ણ કરવામાં આવી હતી.

# ઉપલેટાના સર્કિટ હાઉસ ખાતે મીડિયા પ્રતિનિધિઓની ખાસ બેઠક યોજાઈઃ વિવિધ મુદ્દાઓને લઈને ચર્ચા કરાઈ

**રાત્રે શહેર બંધ કરાવવાની બાબતે તેમજ ઉપલેટા પોલીસ સ્ટેશનના પી.આઇ. બી.આર. પટેલ વિરુદ્ધ કાર્યવાહી કરવા માંગ**

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટા પંથકના પત્રકારોની ઉપલેટા શહેરના સર્કિટ હાઉસ ખાતે વિવિધ મુદ્દાઓને બાબતોને લઈને એક બેઠક મીટીંગ યોજવામાં આવી હતી જેમાં છેલ્લા ઘણા સમયથી ઉપલેટા શહેરને પોલીસે દ્વારા જે રીતે બંધ કરવામાં આવે છે તેને લઈને ઉનાળાના સમયમાં રાત્રે નીકળતા લોકો અને મેડિકલ ઈમરજન્સી માટે બહારના આવતા દર્દીઓને તેમના પરિવારને ગામ બંધ હોવાને લઈને પડતી મુશ્કેલીઓમાં ખાસ કરીને રાત્રે પીવાના પાણીની બોટલ પણ ન મળતી હોવા સુધી ઉદ્ભવતી સમસ્યાને લઈને મીટીંગ યોજાઇ હતી અને સાથે જ તાજેતરમાં ઉપલેટા પોલીસ સ્ટેશનના પી.આઇ. બી.આર. પટેલ દ્વારા ઉપલેટા પોલીસ સ્ટેશન છોડીને નાગરિકોની સંસ્થા એવી ઉપલેટા નગરપાલિકા કચેરી ખાતે આવી એક મીડિયા પ્રતિનિધિને સરકારી કચેરી ખાતે આવતા રોકવાના અને દબાવવાના કરેલા દાદાગીરી ભર્યા વર્તન અને ખોટી તપાસ સામે એક મીટીંગ યોજવામાં આવી હતી.



સર્કિટ હાઉસ ખાતે યોજાયેલ આ મિટિંગમાં ઉપલેટા પોલીસ સ્ટેશનના પી.આઇ. બી.આર. પટેલ વિરુદ્ધમાં રાજકોટ ગ્રામ જિલ્લા પોલીસ અધિક્ષકને સામૂહિક લેખિત ફરિયાદ કરવામાં આવી છે અને મીડિયા સામે આવી ખોટી દબંગાઈ કરનાર અને છેલ્લા ઘણા સમયથી કાયદો અને વ્યવસ્થા ઉપર કોઈપણ પ્રકારની પકડ ન ધરાવનાર પોલીસ અધિકારી દ્વારા જે રીતે ખોટી દબંગાઈ દેખાડનાર અધિકારી સામે ફરિયાદ કરવાની બાબતે તેમજ પત્રકારોના વિવિધ પ્રશ્નો અને બાબતોને લઈને એક બેઠક યોજાઇ હતી જેમાં આગામી દિવસોની અંદર સંગઠન મજબૂત કેમ થાય તેમજ સરકારી કચેરીઓમાં નાગરિકોના પ્રશ્નો, ફરિયાદો, રજૂઆતો સહિતની બાબતો માટે સરકારી કચેરીઓમાં જતા મીડિયા પ્રતિનિધિઓને આ પ્રકારે ખોટી રીતે રોકવાના કરેલ દાદાગીરી ભર્યા વર્તન અને ધમકાવવાનો પ્રયત્ન કરનારા અધિકારી સામે કાર્યવાહી કરવાની લેખિત ફરિયાદ કરી છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે આ મામલે ઉચ્ચ અધિકારીઓના કેવા પગલાં લેવાય છે તેના પર ઉપલેટા પંથકના મીડિયા પ્રતિનિધિઓ અને આસપાસના તાલુકા વિસ્તારના પ્રતિનિધિઓની ખાસ નજર છે અને સાથે જ આગામી દિવસોની અંદર રાત્રે દરમિયાન તેમજ દિવસ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની બગડેલી પરિસ્થિતિનું દૂધ અને દૂધ તેમ જ પાણીનું પાણી મીડિયાના પ્રતિનિધિઓ સરકાર અને ઉચ્ચ કચેરીના અધિકારીઓને મીડિયાના માધ્યમથી બતાવશે જેમાં કેટલાયના ભાંડા ફૂટશે અને સાથે જ કેટલાયના રજા મંદીથી ચાલી રહેલ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા આવા દબંગાઈ કરતા અધિકારીઓ અને કર્મચારીઓની પોલ એક બાદ એક મીડિયામાં ખુલ્લી પડી જશે.

# ભૂંડ આડું ઉતરતા બાઈક સ્લીપ થતાં યુવાનનું મોત

## ટ્રેક્ટર-બાઈક વચ્ચે અકસ્માતમાં રૈયાધારના આધેડે દમ તોડયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં વધુ બે જીવલેણ અકસ્માતના બનાવ પોલીસે ચોપડે નોંધાયા છે. ત્યારે મેટોડામાં આવેલ આશુતોષ સોસાયટીમાં રહેતો નિકુંજ નાથાભાઈ પરમાર ઉ.૨૮ નામનો યુવાને ગઈકાલે સાંજે પાંચેક વાગ્યા આસપાસ કાલાવડ રોડ,દેવગામના પાટીયા પાસે પોતાનું બાઈક જઈ રહ્યો હતો ત્યારે ભુંડ આડું ઉતરતા યુવાને બાઈક પર કાબુ ગુમાવતા સ્લીપ થયું હતું. અકસ્માતે ઘવાયેલા યુવકને માથે-શરીરે ગંભીર ઈજા પહોંચતા ૧૦૮ મારફતે સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડાયો હતો જયાં મોડી રાત્રીના યુવાને હોસ્પિ.ના બિછાને દમ તોડી દેતાં હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી મેટોડા પોલીસને જાણ કરતા એએસઆઈ સુરભી કેશવાલા સહિતનો સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ એએસઆઈ ભુમીબેન વ્યાસે હાથ ધરી છે. તેમજ રૈયાધાર મરછુનગર કવાર્ટરમાં રહેતા અને મંજુરી કામ કરતા કિશોરભાઈ રવજીભાઈ સોલંકી ઉ.૪૫ નામના આધેડ બપોરે એક વાગ્યા આસપાસ પોતાના ઘરે જમવા જતા હતા ત્યારે ઘર નજીક અજાણ્યા ટ્રેક્ટર ચાલક સાથે અકસ્માત થતા તાકિદે અર્ધબેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિ. માં ખસેડતા ટુંકી સારવાર દરમ્યાન આધેડે દમ તોડી દેતાં હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી યુનિ. પોલીસને જાણ કરતા હિતેશ જોગડા સહિતનો સ્ટાફ દોડી જઈ મૃતકના ભાઈની ફરિયાદ પરથી અકસ્માત સર્જી નાશી છુટેલા ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા તેમના જન્મ દિવસ નિમિત્તે સરકારી હોસ્પિટલમાં ફ્રુટનું વિતરણ કરાયું

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ (કે.સી.રાઠોડ), જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી તેમજ નગરપાલિકાના સદસ્ય ચંદ્રેશભાઈ જોશીના જન્મ દિવસ નિમિત્તે ઉના સરકારી હોસ્પિટલમાં એડમિટ (દાખલ) થયેલા દર્દીઓને બિસ્કિટ, પાણીની બોટલ તેમજ ફ્રુટની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે ઉનાના લોકપ્રિય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, નગરપાલિકાના સદસ્ય ચંદ્રેશભાઈ જોશી, નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ



બાંભણીયા, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ મિતેશભાઈ શાહ, શહેર ભાજપ મહામંત્રી કિરીટભાઈ વાજા, નગરપાલિકાના સદસ્ય વિજયભાઈ રાઠોડ, રવિભાઈ રાઠોડ, શહેર ભાજપ ઉપપ્રમુખ હિરેનભાઈ સોલંકી, કમલેશભાઈ બાંભણીયા, કિશનભાઈ મકવાણા, હરેશભાઈ વેકરિયા, નિખિલભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા.

# રેશનકાર્ડ ધારકો માટે જૂન મહિનાના ખાંડ અને મીઠાના વિતરણની મર્યાદા ૫ જુન સુધી વધારાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના રેશનકાર્ડ ધારકો માટે જૂન મહિનાના ખાંડ તથા મીઠાના વિતરણની મર્યાદા ૫ જૂન સુધી વધારવામાં આવી છે

ભારત સરકાર દ્વારા "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ (NFSA) હેઠળ સમાવિષ્ટ તમામ રેશનકાર્ડ ધારકોને "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત મે-૨૦૨૫ માસમાં મે અને જુન-૨૦૨૫ માસનો ઘઉં તથા ચોખાનો જથ્થો તથા રાજયસરકાર તરફથી વિતરણ કરવામાં આવતા મે માસના ખાંડ અને મીઠાના જથ્થાનું વિતરણ મે માસમાં કરવામાં આવેલ છે. જુન મહિનાનું વિતરણ તા.૩૧/૦૫/૨૫ સુધીમાં કરવાનું હતું જેની સમય મર્યાદા તા.૦૫/૦૬/૨૦૨૫ સુધી વધારવામાં આવેલ છે, જેની સંબંધિતોને નોંધ લેવા જિલ્લા પુરવઠા અધિકારી, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# મુખ્યમંત્રીની રાજકોટ ખાતે સંભવિત મુલાકાતના આયોજન અંગે બેઠક યોજાઈ

## કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, મેયર, જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગામી પાંચ જૂનના રોજ રાજકોટ ખાતે સંભવિત મુલાકાતના આયોજન અંગે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી.

કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં અન્ન, નાગરિક અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ કાર્યક્રમના આયોજન સંબંધી વિગતો મેળવતા ઉપસ્થિત અધિકારીઓને જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રીના હસ્તે શુભારંભ થનારા વિવિધ વિકાસ કામોનો મહત્તમ લાભ સામાન્ય નાગરિકો સુધી પહોંચે, તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

કલેક્ટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે કાર્યક્રમ અંતગર્ત મુખ્યમંત્રીશ્રીના હસ્તે જેટકો-પાણીપુરવઠા-મહાનગરપાલિકા-સ્પોર્ટસ વગેરે વિભાગોના લોકાર્પણ-ખાતમુહૂર્ત થશે. જેના સુચારુ આયોજન અંગે ઉપસ્થિત અધિકારીઓને મિનિટ ટુ મિનિટ કાર્યક્રમ, આમંત્રણ પત્રિકા, પીવાના પાણી, બેઠક વ્યવસ્થા અને પાર્કિંગ તથા અન્ય આનુષાંગિક કામો અંગે ઝીણવટભરી વિગતોની ચર્ચા કરી તૈયારીઓ સત્વરે પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. સિંચાઈ, વન, રમત-ગમત, પોલીસ, જેટકો, પાણી પુરવઠા, સેનિટેશન વગેરે સંલગ્ન વિભાગોના અધિકારીઓને સમગ્ર કાર્યક્રમ સંદર્ભે પોતાની કામગીરીનું ચુસ્ત આયોજન કરવા કલેક્ટરશ્રીએ તાકીદ કરી હતી.

આ બેઠકમાં મેયર નયનાબેન પેઢડીયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, સંસદસભ્ય રામભાઈ મોકરીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને દર્શિતાબેન શાહ, અગ્રણી માધવ દવે તેમજ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પ્રાદેશિક નગરપાલિકા નિયામક મહેશ જાની, આસિસ્ટન્ટ કલેક્ટર મહેક જૈન, નિવાસી અધિક કલેક્ટર શ્રી ગૌતમ, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી એન.કે. મુછાર, રૂડાના સીઈઓ જી. વી. મિયાણી, ડેપ્યુટી કલેક્ટર દિલીપ સિંહ વાળા તથા ઈશિતા મેર, પ્રાંત અધિકારી ચાંદની પરમાર, વાહન વ્યવહાર અધિકારી કેતન ખપેડ, આયોજન અધિકારી નીતિન ટોપરાણી, પુરવઠા અધિકારી રાજેશ્રી વંગવાણી તથા સંબંધિત સરકારી વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માધાપર પ્રાથમિક શાળા પર ડ્રોન અટેક, નાગરિકોને સલામત સ્થળે ખસેડાયા, ઘાયલોને પ્રાથમિક સારવાર પુરી પડાઈ

## ડ્રોન અટેકમાં શાળાની દિવાલ ધરાશાયીઃ માધાપર વિસ્તારમાં સંપૂર્ણ બ્લેક આઉટ, એન.સી.સી. કેડેટ્સ, પોલીસ, ફાયર, એસ.આર.પી., ૧૦૮ સહીત આરોગ્યની ટીમે પરિસ્થિતિ સંભાળી






**મુખ્ય સમાચાર, રાજકોટ**

માધાપર સ્કૂલમાં વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે કાર્યક્રમ યોજાઈ રહ્યો હતો. સ્થાનિક નાગરિકો તેમજ તથા શિક્ષકો આ કાર્યક્રમની ઉજવણી કરી રહ્યા હતા, તેવામાં આકાશમાંથી ડ્રોન દેખાતાં ચેતવણીના ભાગરૂપે સાયરન વાગે છે, નાગરિકોને સુરક્ષિત સ્થળે જવા શાળાના શિક્ષકો માર્ગદર્શન આપે છે. આ તકે એક ડ્રોન તૂટી પડે છે ને કેટલાક સ્થાનિકો ઈજાગ્રસ્ત થાય છે, વેકેશનનો સમય હોવાથી મોટી જાનહાનિ ટળે છે. તુર્તજ શાળાના આચાર્ય દ્વારા ૧૦૮, ફાયર, પોલીસ વિભાગને જાણ કરવામાં આવે છે. થોડી મિનિટોમાં ફાયર તેમજ ૧૦૮ ની ટીમો ઘટના સ્થળે પહોંચે છે. ઘાયલોને ઈમર્જન્સી સેવાના જવાનો દ્વારા બચાવી પ્રાથમિક સારવાર આપવામાં આવે છે. એન.સી.સી. ના કેડેટ્સ અને જવાનો પણ આ બચાવ કાર્યમાં મચી પડે છે. ઘાયલને પ્રાથમિક સારવાર બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ વાટે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચાડવામાં આવે છે. અહીંની ટીમ ખાસ વોર્ડમાં ઘાયલ દર્દીઓને દાખલ કરી ઈમર્જન્સી સારવાર આપવામાં આવે છે. ડ્રોન અટેકમાં શાળાની દિવાલ ધરાશાયી થઈ જાય છે.

આ તમામ દ્રશ્યો અને વ્યવસ્થા ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બાદની આગોતરી તૈયારીના ભાગરૂપે રાજકોટના માધાપર વિસ્તારમાં સિવિલ ડિફેન્સની ઓપરેશન શિલ્ડ મોકડ્રીલના છે. જેનું સમગ્ર આયોજન કલેકટરશ્રી પ્રભવ જોશીના માર્ગદર્શનમાં કરાયું હતું.

રાજ્ય સરકારની સૂચના અનુસાર દેશના સંવેદનશીલ વિસ્તારોમાં વસવાટ કરતા નાગરિકોની સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી અને મૂલ્યાંકન કરવા માટે નાગરિક સંરક્ષણ કવાયત (સિવિલ ડિફેન્સ મોકડ્રીલ) યોજાઈ હતી.

આ મોકડ્રિલ અંગે કલેક્ટર પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે, ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા દુશ્મન દેશના હુમલા સામે નાગરિક સંરક્ષણની તૈયારીઓને વધારવા માટે દેશના પશ્ચિમી સરહદને અડીને આવેલા રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ જિલ્લાઓમાં નાગરિક સંરક્ષણ કવાયત ''ઓપરેશન શિલ્ડ''નું આયોજન રાજ્ય સરકારની સૂચના અનુસાર માધાપર વિસ્તારમાં કરવામાં આવ્યું છે.

મોકડ્રીલના ભાગરૂપે રાત્રે ૮ કલાકે સાયરન વગાડી માધાપરની ઉત્તરે રેલવે ટ્રેક વિસ્તાર, દક્ષિણે રાજકોટ જામનગર હાઈવે, પૂર્વમાં રાજકોટ મોરબી બાયપાસ તેમજ પશ્ચિમે નાગેશ્વર જતા રોડ સુધીના વિસ્તારમાં ટોટલ બ્લેકઆઉટ કરવામાં આવ્યું હતું. તમામ નાગરિકોએ આ સમયે પોતપોતાના ઘરની લાઈટ તથા સોસાયટીની કોમન લાઈટ બંધ કર્યા હતાં. રસ્તા પર ચાલતા વાહનોએ પોતાની મૂવમેન્ટ બંધ કરીને રસ્તાની સાઇડમાં પાર્ક કરેલા તથા બ્લેક આઉટનું ચુસ્તપણે પાલન કરવા જિલ્લા વહીવટી તંત્રના સંકલનમાં એન.સી.સી. ના કેડેટ્સ, વોલન્ટીયર્સ, પોલીસ વિભાગ જોડાયો હતો.

આ કવાયત દરમિયાન નાગરિક સુરક્ષાને લગતી સ્થાનિક પ્રશાસનની સુસજ્જતા, એન. સી. સી. તથા યુવા વોલન્ટીયર્સની સેવાઓ લેવાની, દુશ્મનના વિમાની અને મિસાઈલ હુમલા સંદર્ભે, એર રેપિડ સાયરન કાર્યરત કરવાની, સંપૂર્ણ અંધારપટ કરી નાગરિકો અને તેમની જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવા જેવી વિવિધ કાર્યવાહીની મોકડ્રિલ સફળતાપૂર્વક યોજાઈ હતી.

મોકડ્રીલ પૂર્વે માધાપર આઈ.ટી.આઈ. ખાતે રેડક્રોસ તેમજ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમ દ્વારા વોલિયન્ટર્સ તેમજ એન.સી.સી. કેડેટ્સને પ્રાથમિક સારવાર તેમજ સી.પી.આર. ની ટ્રેનિંગ આપવામાં આવી હતી.

આ તકે જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, મ્યુનિસિપલ કમિશનર તુષાર તુમેરા, નિવાસી અધિક કલેક્ટર એ કે ગૌતમ , આસિસ્ટન્ટ કલેક્ટર મહેક જૈન, ડીસીપી ઝોન ટુ જગદીશ બાંગારવા, ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ તેમજ ફાયર, રેડ ક્રોસ સોસાયટી, એસઆરપી એનસીસી સહિતના વિવિધ વિભાગના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રીય અન્ન સુરક્ષા-કાયદો-૨૦૧૩ (N.F.S.A) હેઠળ સમાવિષ્ટ રાજયના તમામ લાભાર્થીઓને સત્વરે ઈ-કેવાયસી કરાવવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા-કાયદો-૨૦૧૩ (N.F.S.A) હેઠળ સમાવિષ્ટ રાજયના તમામ લાભાર્થીઓએ સત્વરે ઈ-કેવાયસી કરાવવાનું રહેશે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' હેઠળ રાષ્ટ્રીય અન્ન સુરક્ષા-કાયદો-૨૦૧૩ (N.F.S.A) હેઠળ સમાવિષ્ટ રાજયના તમામ લાભાર્થીઓને

વિના-મૂલ્યે મળતા અનાજનો લાભ આપવા માટે રાજય સરકારશ્રી કટીબદ્ધ છે.

આ લાભ મેળવવા માટે અને લાભાર્થીઓને સાચી ઓળખ પ્રસ્થાપિત કરવા માટે સાચા લાભાર્થીઓને નિયત કરેલ ધારા-ધોરણ પ્રમાણે લાભ મળે તે માટે e-KYC શરુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં ૮૩ ટકાથી વધુ લાભાર્થીઓએ પોતાનું e-KYC પૂર્ણ કરેલ છે.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા-૨૦૧૩ (N.F.S.A) હેઠળ લાભ મેળવતા તમામ લાભાર્થીઓને અપીલ છે કે, જો તેમનું e-KYC બાકી હોય તો ત્વરીત e-KYC કરાવી લેવું અને નજીકની વ્યાજબી ભાવની દુકાનો ખાતેથી આપના લાભનું અનાજ મેળવી લેવું.

આ e-KYC નો ઉદ્દેશ સાચા લાભાર્થીઓની ઓળખ કરવા માટેનો છે જેથી કોઈએ ખોટા સમાચારથી ગેરમાર્ગે ન દોરાવા અને સત્વરે કેવાયસી કરાવવા જિલ્લા પુરવઠા અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# ઉપલેટા કડવા પટેલ સોશિયલ ગ્રુપ દ્વારા રાહત દરે નોટબુક નું વિતરણ કરવામાં આવ્યું



**મુખ્ય સમાચાર, ઉપલેટા**
**અહેવાલ : વિજય રાડીયા**

કડવા પટેલ સોશિયલ ગ્રુપ દ્વારા ઉપલેટા આયોજિત સતત ૨૦ વર્ષથી અવિરત સેવા રાહત દરે ફુલ સ્કેપ ૧૬૦૦૦ બુકનુ વિતરણ કરવામાં આવેલ કડવા પટેલ સોશિયલ ગ્રુપના તમામ હોદ્દેદારો સાથ સહકાર સાથે ઉમા મહિલા સંગઠન સમિતિ સાથે સમાજના હોદ્દેદારો આગેવાનો અને સર્વ જ્ઞાતિ જનોએ સાથ સહકાર આપીને ટૂંક જ સમયમાં બુક વિતરણ નો કાર્યક્રમ પૂર્ણ કરેલ છે.

# એકાઉન્ટન્ટના ઘરમાં તસ્કરોએ ૧.૯૭ લાખની માલમતાનો હાથફેરો કર્યો

### પરિવાર માઠા પ્રસંગે જામજોધપુર ગયા બાદ બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખોખડદડ રોડ પર આવેલા જય અંબે ઓમ રેસિડેન્સીમાં રહેતા અને એકાઉન્ટન્ટનું કામ કરતા યુવાન તેમના પરિવાર સાથે માઠા પ્રસંગે જામજોધપુર ગયા બાદ ત્યાંથી પરત ફર્યા ત્યારે તેમના મકાનમાંથી રોકડ અને દાગીના સહિત ૧.૯૭ લાખની ચોરી થયાની જાણ થતા તેઓએ અકજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.આ ઘટનામાં મેહુલભાઈ દિનેશભાઈ પંડયાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું ગંગા ફોજીંગ લિમીટેડ, સડક પીપડીયા, ખાતે એકાઉન્ટ તરીકે પ્રા.નોકરી કરુ છું. ગઈ તા.૨૮/૦૫ના રોજ મારા કાકા શૈલેશભાઈ બાબુભાઈ પંડ્યા મોટી ગોપ, તા. જામજોધ પુર જી.જામનગર વાળા મરણ ગયેલ હોય જેથી હું તથા મારી પત્ની તથા મારી બન્ને દિકરીઓ સાંજના પોણા ચારેક વાગ્યે ઘરની ડેલીને તથા ઘરના દરવાજાને તાળુ મારી મોટીગોપ ગામે જવા નીકળેલ હતા અને ત્યા મારા કાકા ના ઘરે એક રાત રોકાયેલ અને બીજા દિવસે સાંજના પોણા પાંચેક વાગ્યે ઘરે આવેલ અને ડેલીનુ તાળુ મે ખોલેલ અને અંદર ગયેલ અને જોયુ તો ઘરમા દરવાજાનું તાળુ તોડેલ હતું અને હુક ટુટેલ હતો અને દરવાજે બંધ હતો જે જઈ જોયતો અંદર રુમમાં ફર્નિચર કબાટ છે તેનો પણ લોક તોડેલ હતો અને તે કબાટમાં રહેલ કપડા વેર-વિખેર કર્યા હતા. કબાટની અંદર રોકડા રૂ.૫૦ હજાર રાખેલ હતા અને એક સોનાની હાસડી આસરે એક તોલાની કિ.રૂ.૫૦ હજાર તથા બે સોનાના ચેઈન આસરે બે તોલાના જેની આશરે કિ.રૂ. ૭૦ હજાર તથા બે સોનાના પેંડલ કિ.રુ.૧૦ હજાર તથા બે સોનાની બુટી આસરે કિ.રૂ. ૧૦૦૦૦ તથા ચાંદીના સાંકળા ની એક જોડ આસરે કિ.રૂ.૭૦૦૦/- રા ખેલ હતુ જે તમામ ઘરેણા મળીને આશરે જેની આસરે કિ.રુ.૧,૫૨,૦૦૦/- ના હતા જે જોવામાં આવેલ નહીં. જે મળી કુ લ કિ.રૂ.૧,૯૭,૦૦૦/- ની કોઈ અજાણ્યો ચોર ચોરી કરી લઈ જતા ફરિયાદ નોંધાવી હતી.

# શહેરમાં જૂગારના દરોડાઃ બે સ્થળેથી ત્રણ મહિલા સહિત ૧૦ પત્તાપ્રેમી ઝડપાયા

### ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતા શખ્સની ૨૫ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં બે દરોડામાં પોલીસે જુગાર રમતી ત્રણ મહિલા સહિત દસ પત્તાપ્રેમીને રૂા. ૫૫,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ કુવાડવા રોડ ઉપર નવાગામ વિસ્તારમાં આવેલા તિરુપતિ બાલાજી પાર્કમાં રહેતા જગદીશ પરસોતમભાઈ પંડયાના રહેણાક મકાનમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે બીડીવીઝન પોલીસે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન જુગાર રમતા જગદીશ પરસોતમભાઈ પંડયા, અસ્મિતાબેન ભગાભાઈ બાવળિયા, મીનાબેન રણછોડભાઈ થેરાના, સહેનાજબેન મહેબુબભાઈ સમનાની શિલ્પાબેન હુસેનભાઈ હિરજી, બળદેવભાઈ રમેશભાઈ જીંજરિયા અને દેવશી જહાભાઈ સાંકળિયાને ઝડપી લીધા હતાં. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડ અને ત્રણ મોબાઈલ મળી રૂા. ૫૦,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બીજા દરોડામાં એડીવીઝન પોલીસે આલાભાઈના ભઠ્ઠા પાસે જાહેરમાં રોડ ઉપર જુગાર રમતા રાજેશ બીરજુ દુર્ગા અને રાજ નહેરુ જાલને ઝડપી લીધા હતાં. અને જુગારના પટ્ટમાંથી રૂા. ૪૭૦૦ની રકમ કબ્જે કરી હતી.

આ ઉપરાંત અન્ય દરોડામાં બીડીવીઝન પોલીસે રોલેક્સ રોડ ઉપર સરદાર ચોકમાં આઈપીએલ ક્રિકેટ લીગની મેચ પર હાર-જીતના સોદાઓ કરી ક્રિકેટનો સટ્ટો રમતા અંકિત અરવિંદભાઈ મૈયડ (રહે ન્યુ. સર્વોદય સોસાયટી શેરી નં. ૫ માધવ હોલ પાસે કોઠારિયા મેઈન રોડ રાજકોટ)ને ઝડપી લીધો હતો. પોલીસે તેની પાસેથી મોબાઈલ અને રોકડ મળી રૂા. ૨૫૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# રાજકોટ ના ખાખડાબેલા ગામે પુત્રો પર થયેલ ફરિયાદમાં સમાધાન કરી લેવા સામ-સામી ધમકી

### પડધરી પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ના ખાખડાબેલા ગામે રહેતા વૃધ્ધાના ત્રણ પુત્રો પર થયેલ ફરિયાદમાં સમાધાન કરી લેવા સામ-સામે ધમકી આપી હોવાની બન્ને પક્ષની પડધરી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગે ની જાણવા મળતી વિગતો મુજબ ખાખડાબેલા ગામે રહેતા અને ખેતીવાડી કરતા રણજીતસિંહ દેવુભા જાડેજાએ પડધરી પોલીસમાં ઘનશ્યામસિંહ અનોપસિંહ જાડેજા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે વાડીએથી ટ્રેકટરમાં નીરણ ભરી ગામમાં આવતો હતો ત્યારે ખોડાપીપર રોડ પર વળાંકમાં પહોંચતા સામેથી ઘનશ્યામસિંહ તેનું બાઈક લઈ આવી ટ્રેકટરની બાજુમાં ઉભુ રાખી કહ્યું કે તારા ત્રણ દિકરાને કેસમાં ફિટ કરી દીધા છે તેમ કરી બોલાચાલી કરી ગાળો ભાંડી કહ્યું કે તું મારી હડફેટે આવતો નહીં નહિતર તને પુરો કરી નાખીશ તેમ ધમકી આપી જતો રહ્યો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો છે.

જયારે ઘનશ્યામસિંહ અનોપસિંહ જાડેજાએ રણજીતસિંહ દેવુભા જાડેજા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે સવારે બાઈક લઈ વાડીએ જતો હતો ત્યારે રણજીતસિંહે ટ્રેકટરમાંથી નીચે ઉતરી મારો કાંઠલો પકડી કહ્યું કે તે મારા દિકરોઓ પર જે ફરિયાદ કરે છે તેમાં સમાધાન કરી નાખ નહીં તો એકાદો ઓછો થઈ જશો તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આમ પોલીસે બન્ને પક્ષોની સામ-સામી ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### શહેરી વિકાસના ૨૦ વર્ષ

# છેલ્લા ૨ દાયકામાં એઈમ્સ, હિરાસર ઍરપોર્ટ, લાઇટ હાઉસ પ્રોજેક્ટ સહિતની માળખાગત સુવિધાઓ દ્વારા રંગીલું રાજકોટ બન્યું અભૂતપૂર્વ વિકાસનું સાક્ષી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાના ઉદ્દેશથી તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૫ને શહેરી વર્ષ જાહેર કર્યું હતું. આજે વર્ષ ૨૦૨૫માં ગુજરાતની શહેરી વિકાસયાત્રાને ૨૦ વર્ષ પૂર્ણ થયા છે અને આ ૨૦ વર્ષો દરમિયાન ગુજરાતના શહેરો અદ્ભુત શહેરીકરણના સાક્ષી બન્યા છે. ગુજરાતના શહેરોનો આધુનિક સમયને અનુરૂપ સુઆયોજિત વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા અનેક નીતિઓ અને યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. વર્લ્ડ ક્લાસ સિટી ડેવલપમેન્ટને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત બજેટ ૨૦૨૫-૨૬માં ૨૦૨૫નું વર્ષ 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઊજવવાની જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સમૃદ્ધ, પરંપરાગત અને રંગીલું રાજકોટ શહેર છેલ્લા ૨૦ વર્ષમાં અભૂતપૂર્વ વિકાસનું સાક્ષી બન્યું છે. રાજકોટ આજે ગુજરાતની પ્રથમ એઈમ્સ હોસ્પિટલ અને પ્રથમ ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ જેવી સુવિધાઓનું ગૌરવ ધરાવે છે. આ ઉપરાંત, લાઇટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત ભારતભરમાંથી પસંદ કરવામાં આવેલ ૬ રાજ્યો પૈકી ગુજરાત રાજ્યમાં રાજકોટ ખાતે ૧,૧૪૪ આવાસો અદ્યતન ટેક્નોલોજીથી બનાવવામાં આવ્યા છે.

રાજકોટમાં ₹૧૨૦૦ કરોડના ખર્ચે નિર્મિત ગુજરાતની પ્રથમ એઇમ્સમાં ૭૫૦ બેડની મલ્ટી તેમજ




સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ અને એકેડમિકની સુવિધા ઉપલબ્ધ છે. એઇમ્સ ખાતે ઓ.પી.ડી. ઉપરાંત દર્દીને ઘરે બેઠાં સુપર સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર્સના માર્ગદર્શનની સવલત ટેલિમેડીસીન સર્વિસ થકી મળી રહી છે. હાલ ૨૫૦ બેડની ઇન્ડોર સેવા ઉપલબ્ધ છે.

વડાપ્રધાનની દૂરંદેશીના પરિણામે રાજકોટ નજીક ઇન્ટરનેશનલ ઍરપોર્ટનું નિર્માણ થયું છે, જે ગુજરાતનું પ્રથમ ગ્રીનફીલ્ડ ઍરપોર્ટ છે. ₹૧૪૦૦ કરોડના ખર્ચે નિર્મિત હિરાસર ગ્રીનફીલ્ડ ઍરપોર્ટને પીએમ ગતિશક્તિ પ્રોજેક્ટ હેઠળ સમાવિષ્ટ કરવામાં આવ્યું છે. ૨૩ હજાર ચોરસ મીટર વિસ્તારમાં બનાવવામાં આવેલું પેસેન્જર ટર્મિનલ પીક અવર્સમાં દર કલાકે ૧૨૮૦ મુસાફરોનું સંચાલન કરવા સક્ષમ છે.

ગ્લોબલ હાઉસીંગ ટેક્નોલોજી ચેલેન્જ (GHTC) અંતર્ગત લાઈટ હાઉસ પ્રોજેક્ટનું અમલીકરણ કરવા કેન્દ્ર સરકાર દ્વારા ભારતભરમાંથી ૬ રાજ્યોની પસંદગી કરવામાં આવી હતી, જેમાં ગુજરાત રાજ્યમાં રાજકોટ શહેરમાં ₹૧૧૮ કરોડના ખર્ચે ૧૧૪૪ આવાસોનું નિર્માણકાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. આ આવાસો ટનલ ફોર્મવર્ક દ્વારા મોનોલિથિક કોંક્રીટ કન્સટ્રકશન ટેક્નોલોજીના ઉપયોગથી બનાવવામાં આવ્યા છે.

₹૧૦૦ કરોડના ખર્ચે નિર્મિત ઝનાના હોસ્પિટલ માતા અને બાળકના સ્વાથ્યની કેર કરતો મહિલા અને ચાઈલ્ડ કેર વિભાગ એક જ વિંગમાં આવરી લેવામાં આવ્યો છે. સૌરાષ્ટ્ર કચ્છના મેટર્નલ અને બાળ દર્દીઓ માટે હોસ્પિટલમાં કુલ ૭૦૦ બેડની સુવિધા, સૌરાષ્ટ્રની પ્રથમ મિલ્ક બેન્ક, ટ્રાઈએઝ, થ્રી લેયર એન.આઈ.સી.યુ., ડી.ઈ.આઈ.સી., એન.આર.સી. પ્લે ગ્રાઉન્ડ સહિતની સુવિધા આ કેમ્પસમાં ઉપલબ્ધ છે.

₹૧૫૦ કરોડના ખર્ચે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. આધુનિક સુવિધા ધરાવતી ૨૩૮ બેડ, ૮ ઓપરેશન થિયેટર્સ ધરાવતી આ હોસ્પિટલમાં જુદા-જુદા ૮ સુપર સ્પેશ્યાલિટી ડિપાર્ટમેન્ટ્સ કાર્યરત છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અટલ સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં ૩૬ એકરના વિસ્તારમાં ₹૧૩૬ કરોડના ખર્ચે એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવામાં આવ્યો છે. હાલમાં ગાર્ડન અને સ્પેશિયલ ચિલ્ડ્રન પાર્ક શરૂ કરવામાં આવ્યા છે.

# રાજકોટમાં વધુ ૭-જામનગરમાં કોરોનાના નવા પાંચ કેસ નોંધાયા

### રાજકોટમાં બે દિવસમાં ૧૨ સહિત ૪૪ દર્દી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રના અમુક જિલ્લામાં કોરોનાના કેસ હવે નિયમિત બન્યા છે. ગઈકાલે રાજકોટ શહેરમાં પાંચ કેસ જાહેર થયા બાદ આજે શહેરમાં વધુ ૭ કેસ જાહેર થયા છે. તો જામનગર શહેરમાં પણ કોરોનાના વધુ પાંચ દર્દી નોંધાતા એકટીવ કેસનો આંકડો ૧૯ થયો છે.

ગઈકાલે નોંધાયેલા રાજકોટના ૭ કેસ આજે જાહેર થયા છે. જે તમામ દર્દી વેકસીન લીધેલા છે. માત્ર બે વ્યકિત જેતપુર અને મુંબઈ ગયા હતા. રામકૃષ્ણનગર, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, સાધુ વાસવાણી રોડ, ચંદ્રેશનગર, અયોધ્યા ચોક અને હનુમાન મઢી વિસ્તારમાં આ કેસ હતા જે સાથે રાજકોટમાં કુલ દર્દીઓનો આંકડો ૪૪ પર પહોંચ્યો છે.

દરમ્યાન જામનગર શહેરમાં કોરોનાનું સંક્રમણ દિન પ્રતિદિન ધીમા પગલે સતત વધી રહ્યું છે. ૬ ગઈકાલે બે પછી વધુ ત્રણ નવા પોઝીટીવ કેસ નોંધાયા છે, અને હાલ જામનગર શહેરમાં કુલ ૧૯ એક્ટિવ પોઝિટિવ કેસ છે. જે તમામ હોમ આઈસોલેસનમાં સારવાર હેઠળ છે.

જામનગરમાં કોરોના નું સંક્રમણ ધીમા પગલે વધી રહ્યું છે. બે દિવસમા પાંચ કેસ નોંધાયાં હતા, ત્યાર બાદ વધુ કેસ નોંધાયા છે. જેમાં હિંમત નગર, એમ્યુઝમેન્ટ પાર્ક અને પટેલ કોલોની વિસ્તાર ના બે.મહિલા અને એક પુરુષ ના કેસ નો સમાવેશ થાય છે. અને તમામને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં એક પણ દર્દી સારવાર હેઠળ નથી. આજની સ્થિતિ એ કુલ ૧૯ એક્ટિવ છે. જ્યારે જામનગરમાં બે દિવસ દરમ્યાન કુલ વધુ પાંચ કેસ મળી આવ્યા છે.

આરોગ્ય વિભાગના સુત્રોના જણાવ્યા પ્રમાણે વોર્ડ નં.૮માં સુરજ પાર્કમાં ૨૬ વર્ષની યુવતિ,જય રેસીડન્સીમાં ૨૭ વર્ષનો યુવાન, જીવરાજ પાર્કમાં ૫૧ વર્ષના વૃધ્ધ, અંબિકા પાર્કમાં ૭૦ વર્ષના વૃધ્ધ અને વિદ્યાકુંજ સોસાયટીમાં ૫૧ વર્ષના વૃધ્ધા સંક્રમિત થયા છે. અંબિકા પાર્કમાં બીજો કેસ મળી આવ્યો છે જયારે છેલ્લા ૧૩ દિવસમાં નવ કેસ મળી આવતા ફફડાટ ફેલાયો છે.

આ ઉપરાંત ખુદીરામ ટાઉનશીપમાં ૫૦ વર્ષની મહિલા, દામજી મેપા શેરીમાં ૫૫ વર્ષના વૃધ્ધા, તક્ષશીલા સોસાયટીમા. ૭૬ વર્ષના વૃધ્ધ કોરોના સંક્રમીત થતા તમામને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. આજના તમામ દર્દીની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નહીં હોવાનું જાણવા મળ્યું છે.

અત્યાર સુધીમાં વોર્ડ નં.૧ ૨,૩,૪,૬, ૧૧, ૧૨, ૧૪માં એક-એક, વોર્ડ નં. ૧૭ અને ૧૮માં બે-બે, વોડ નં.૭અને ૧૦માં ત્રણ-ત્રણ નોંધાયા છે. જ્યારે વોર્ડ નં. ૫,૯,૧૩,૧૫ અને ૧૬માં એક પણ કેસ મળી આવ્યા નથી.

અત્યાર સુધીમાં વોર્ડ નં.૧, ૨,૩,૪,૬, ૧૧, ૧૨, ૧૪માં એક-એક, વોર્ડ નં. ૧૭ અને ૧૮માં બે-બે, વોડ નં.૭અને ૧૦માં ત્રણ-ત્રણ'સ નોંધાયા છે. જ્યારે વોર્ડ નં. ૫,૯,૧૩,૧૫ અને ૧૬માં એક પણ કેસ મળી આવ્યા નથી.જામનગરમાં તા.૨૩મીએ કોરોનાનો પ્રથમ કેસ નોંધાયા બાદ ગત સોમવારે એક સાથે સાત કેસ આવ્યા પછી તા.૩૦ના શુક્રવારે એક સાથે પાંચ કેસ. નોંધાયા હતા.

# માધાપર આઈ.ટી.આઈ ખાતે ફર્સ્ટ એઇડ અને રેસ્ક્યુ ટ્રેનિંગ યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના માધાપર સ્થિત આઈ.ટી.આઈ. ખાતે મોકડ્રીલના ભાગરૂપે રેડ ક્રોસના સૌજન્યથી ફર્સ્ટ એઈડ ટ્રેનીંગ સેશન એન.સી.સી.ના કેડેટ્સ, ગ્રામજનો તેમજ વોલન્ટીયર્સ માટે ગોઠવવામાં આવ્યું હતું.

રેડ ક્રોસ સોસાયટીના ફર્સ્ટ ટ્રેનર રહીમ દલે પ્રાથમિક સારવાર, બ્લીડિંગ, ફ્રેક્ચર, બેન્ડેજીસ રિકવરી તેમજ ખાસ સી.પી.આર.ની તાલીમ આપતા જણાવ્યું હતું કે, ઘાયલ દર્દીઓને ખૂબ જ ઝડપથી કઈ રીતે એમ્બ્યુલન્સ અથવા હોસ્પિટલ સુધી પહોંચાડવું તેમ જ આ દરમિયાન રાખવી પડતી તકેદારીઓ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આવા સમયે ખાસ કરીને જે લોકોને હૃદય રોગનો હુમલો આવે તેઓને ભાદ્વિારા સ્થળ પર જ બચાવી શકાય છે જે અંગે સી.પી.આર.ની તાલીમ પણ પૂરી પાડવામાં આવી હતી.

એસ.આર.પી. ના ટ્રેનર જવાનો દ્વારા ડ્રોન અંગેની માહિતી પૂરી પાડવામાં આવી હતી. કેટલા પ્રકારના ડ્રોન હોય છે, ખાસ કરીને યુદ્ધમાં વપરાતા ડ્રોન અંગે વિસ્તારથી માહિતી આપી આવા સમયે ડ્રોન આવે ત્યારે કઈ પ્રકારે તેને ઓળખવું અને બચાવ કરવો તે અંગે માહિતી પૂરી પાડી હતી.

રાજકોટ ફાયર વિભાગ દ્વારા આગ લાગે ત્યારે કઈ પ્રકારની બચાવ સલામતી કરવી તે અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ફાયર ઓફિસર મોઈન શેફના જણાવ્યા મુજબ આજરોજ ગ્રામજનોને તેમજ કેડેટ્સ અને વોલન્ટીયર્સને ફર્સ્ટ એડ ફાયર ફાઈટર ટ્રેનિંગમાં કેટલા પ્રકારની આગ લાગે છે, કેટલા પ્રકારના ફાયર એક્સ્ટિંગ્યુસર હોય છે તેનો ઉપયોગ તેમજ સર્ચ એન્ડ રેસ્ક્યુનેટ ટ્રેનિંગ આપવામાં આવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબી-માળીયા હાઇવે પર ૭૨૧૩ બોટલ વિદેશી દારૂ ભરેલો ટ્રક ઝડપાયો

**સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડી ટ્રક સહિત કુલ રૂ. ૧.૧૫ કરોડ નો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સની કરી ધરપકડ: દ્વારકાના બુટલેગર સહિત સાત શખ્સોની શોધખોળ**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીના ગુજરાતમાં દારૂ બંધી માત્ર કાગળ પર જ હોય તેવું લાગી રહ્યું છે. ગુજરાતના અનેક શહેરોમાં સરાજાહેર બેફામ પણે દારૂનું વેંચાણ થઇ રહ્યું છે અને બહારના રાજયોમાંથી દારૂ ભરેલા વાહનો ગુજરાતમાં પ્રવેસ કરીને શહેરમાં બુટલેગર સુધી પહોંચી જતા હોય છે. તેમ છતાં સ્થાનિક પોલીસને આ ગેરકાયદેસર પ્રવૃતિ નજરે પડતી નથી કે, પોલીસની મીલીભગતના કારણે બુટલેગર સુધી દારૂનો જથ્થો પહોંચી જતો હોય જેના કારણે સ્ટેટ મોનીટરીંગ સેલના એસપી નિર્લિપ્ત રાયની કડક સુચનાના પગલે અલગ-અલગ ટીમો દ્વારા રાજકોટ, મોરબી, જૂનાગઢ, ભાવનગર, સુરત, વડોદરા સહિતના શહેરમાં દારૂનો જથ્થો પકડવામાં આવ્યો છે ત્યારે વધુ એકવાર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે મોરબી-માળીયા હાઇવે પર ૭૨૧૩ બોટલ વિદેશી દારૂ ભરેલ ટ્રક ઝડપી લઇ રૂ.૧.૧૫ કરોડના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મજુબ સ્ટેટ મોનીટરીંગ સેલના ટીવાયએસપી કે.ટી.કામડીયાની સુચનાથી પીએસઆઇ એસ.વી.ગરચળ સહિતનો સ્ટાફ ગઇકાલે મોરબીના માળીયા-મીયાણા હાઇવે પર પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન માળીયા-જામનગર હાઇવે પર રેલ્વે ક્રોસીંગ પાસે વોંચ ગોઠવી એક ટ્રક અટકાવ્યો અને તલાસી લેતા ભુસાની બેગની આડમાં દારૂનો જથ્થો છુપાવ્યો હોય. પોલીસે રૂ.૯૨.૬૯ લાખની કિંમતનો ૭૨૧૩ બોટલ દારૂનો જથ્થો કબ્જે કરી વાહન સહિત કુલ રૂ.૧.૧૫ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ટ્રકનો ડ્રાઇવર જામનગરના દરેડ ગામનો ભાવેશ નાથા મોરી અને લીલા ટકુ મોરી નામના બે શખ્સોની ધરપકડ કરી વધુ પુછપરછ કરતા દારૂનો જથ્થો દ્વારકાના નામચીન બુટલેગર અરજણ આલા કોડિયાતરએ મંગાવ્યો હતો. તથા દ્વારકાના ટીમબડી ગામનો ભરત ઉર્ફે જીગો સોમા કોડિયાતર બુટલેગરનો ભાગીદાર હોય તથા ટ્રક નં.જીજે૧૦ટીટી૯૧૮૫નો માલિક તથા પંજાબથી દારૂ સપ્લાય કરનાર ત્રણ શખ્સો સહિત સાતની શોધખોળ શરૂ કરી છે.

# વડવાજડી ગામે મોડીરાત સુધી ચાલતી હોટેલ પોલીસ બંધ કરવાનું કહેતા સંચાલક બંધુએ પોલીસ સાથે ઝપાઝપી કરી, ગાળો ભાંડી

**મેટોડા પોલીસે ફરજ રૂકાવટનો બંને સામે ગુનો નોંધ્યો : એક શખ્સની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મેટોડા જીઆઈડીસી ગેઈટ નં ૧ સામે વડવાજડી ગામે આવેલ મોડી રાત સુધી ચાલુ હોય જેથી પોલીસે બંધ કરવાનું કહેતા જ હોટેલ સંચાલક બંધુઓ ઉશ્કેરાઈ જઈ પોલીસને ગાળો ભાંડી ઝપાઝપી કરી પીસીઆર વાનનો કાચ ફોડી નાખી ફરજ રૂકાવટ કરી હોવાનો ગુનો નોંધી એકને સકંજામાં લીધો હતો જયારે ફરારની શોધખોળ હાથ ધરી છે.

મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ એન.બી.ઝાલાએ વાજડી ગામે રહેતા બળવંતસિંહ પ્રતાપસિંહ પરમાર, પ્રદિપસિંહ પ્રતાપસિંહ પરમાર સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે રાત્રીના પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે વડવાજડી ગામે હરસિધ્ધી હોટલ વાળી જગ્યા વિવાદ વાળી હોય જેથી રૂડા દ્વારા વિવાદ વાળી જગ્યાને શીલ કરેલ છતાં બહારના ભાગે પતરાના શેડ નીચે ચા-નાસ્તા-ઠંડા પીણાનો ધંધો ચાલુ કરેલ અને મોડી રાત સુધી વિવાદ વાળી જગ્યાએ લોકોના ટોળા એકઠા થયેલ હોય જેથી હોટેલ બંધ કરવાનું કહેતા સંચાલક બળવંતસિંહ પ્રતાપસિંહ પરમારે ઉશ્કેરાઈ જઈ સ્ટાફને ગાળો આપી તેના ભાઈ પ્રદિપસિંહને ફોન કરતા તેણે પણ સ્ટાફને ગાળો ભાંડી હતી.બાદ બળવંતસિંહે ઝપાઝપી કરી હોવાથી પોલીસ સ્ટેશન પર લઈ જવા પીસીઆરમાં પાછળની શીટ બેસાડેલ દરમ્યાન પીસીઆરમાંથી ભાગવાની કોશીષ કરી સરકારી વાહનને પાટું મારી કાચ ફોડી નાખ્યો હોવાની ફરિયાદ નોંધાવી બળવંતસિંહની ધરપકડ કરી જયારે તેના ભાઈ પ્રદિપસિંહની શોધખોળ હાથ ધરી છે.

# ધોરાજી નજીક ખાનગી બસ અને ટેન્કર વચ્ચે અકસ્માતઃ ૧૦ મુસાફર ઘાયલ

**અકસ્માતમાં તેલનું ટેન્કર પલટી મારી જતાં રસ્તા પર નીકળતા તેલના જથ્થાને લેવા માટે શ્રમિકો પોતાના વાસણો લઇને પહોંચ્યા**




**મુખ્ય સમાચાર, ઉપલેટા**

રાજકોટ પોરબંદર નેશનલ હાઈવે પણ ખાનગી ટ્રાવેલ્સ અને તેલ ભરેલા ટેન્કર વચ્ચે ધોરાજી નજીક અકસ્માત સર્જાયો હતો જેમાં બસમાં સવાર ૪૦ જેટલા મુસાફરો પૈકીનાં ૧૦ મુસાફરોને ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની ઘટનામાં ટેન્કર પલટી મારી જતા રસ્તા પર તેલ વેર વિખેર થયું હતું ત્યારે વેર વિખેર થયેલા તેમજ રસ્તા પર નીકળતા તેલના જથ્થાને લેવા માટે શ્રમિકો પાત્રો લઈને પહોંચ્યા હતા.

આ અંગે ની પ્રાપ્ત વિગતો અનુસાર રાજકોટ પોરબંદર નેશનલ હાઈવે પર બપોરના સમયે એક ગમકવાર અકસ્માત સર્જાયો હતો જેમાં રાજકોટ થી પોરબંદર તરફ જતી ખાનગી ટ્રાવેલ્સ અને તેલના ટેન્કર વચ્ચે ધડાકાભેર અથડામણ થતા અકસ્માત સર્જાયો હતો ત્યારે અકસ્માતની આ ઘટનામાં ખાનગી બસમાં સવાર ચાલી જેટલા મુસાફરો પૈકીના ૧૦ મુસાફરોને ઈજાઓ પહોંચતા તેમને ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતે સારવાર સાથે ખસેડાયા હતા તેમાં ૧૦ માંથી પાંચ જેટલા વ્યક્તિઓને ગંભીર ઈજા જણાતા વધુ સારવાર અર્થે જૂનાગઢ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનામાં તેલ ભરેલું ટેન્કર હાઈવે પર પલટી મારી ગયો હતો જેમાં ટેન્કર પલટી મારી જતા રસ્તા પર તેલ વેરવિખેર થયું હતું.

# રાજકોટની હોટલમાં પ્રેમીએ માતા સાથે શરીર સંબંધ બાંધ્યા બાદ નવ વર્ષના પુત્ર સાથે અડપલા કરતા ફરિયાદ

**રિસામણે આવેલી ભાવનગરની પરિણીતા કચ્છના પ્રેમીને હોટલમાં મળવા જતા બની ઘટના પ્રેમી યુગલ સકંજામાંઃ શરીર સબંધ બાંધ્યા બાદ પરિણીતા બાથરૂમમાં જતા પ્રેમીએ કર્યું કૃત્યઃ જનેતાએ પણ કોઈને વાત નહિ કરવા પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી'તી**

**મુખ્ય સમાચાર રાજકોટ**

ભાવનગર રહેતા પતિ સાથે ઝઘડો થતા પત્નિ તેના પુત્રને લઈ રાજકોટ પીયર રહેવા આવી ગઈ હતી. બાદ પત્નિ પરિવારથી અલગ રહેતી હોય જેથી કચ્છ રહેતો તેણીનો પ્રેમી અવાર નવાર મળવા આવતો ત્યારે પરિણીતા પુત્રને ઘરે મુકી જતી રહેતી હતી. ચાર માસ પૂર્વે પરિણીતા તેના નવ વર્ષના પુત્રને લઈ પ્રેમી સાથે બસ સ્ટેશન પાછળ આવેલ હોટેલમાં સંબંધ બાંધવા ગઈ હતી. દરમ્યાન પરિણીતા બાથરૂમમાં ગઈ ત્યારે પ્રેમીએ ૯ વર્ષના બાળકને પણ પોતાની હવશનો શિકાર બનાવ્યો હતો. જે વાત બાળકે પોતાની માતાને કહેતા તેણીએ પુત્રને મારકૂટ કરી કોઈને વાતની જાણ કરીશ તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હોવાથી તેના પિતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી પ્રેમી પંખીડાને સકંજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ ભાવનગર રહેતા યુવાને રાજકોટ એ ડીવીઝન પોલીસમાં પત્નિ, કચ્છ રહેતો તેનો પ્રેમી મિતરાજસિંહ મહીડા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૩માં પત્નિ સાથે ઝઘડો થતા પુત્રને સાથે લઈ રાજકોટ પીયર આવી ગઈ હતી. બાદ પત્નિ અને પુત્ર પરિવારથી અલગ રહેતા હતા. જેથી મિતરાજસિંહ અવાર નવાર આવતો ત્યારે પત્નિ પુત્રને ઘરે એકલો મુકી તેની સાથે ફરવા જતી હતી અને મોડી રાતે પરત આવતી હતી. ચાર માસ પુર્વે આરોપી મળવા આવ્યો અને બહાર ફરવા જવાનું કહેતો હોવાથી તેણી તેના પુત્રને સાથે લઈ બસ સ્ટેન્ડ પાછળ આવેલ હોટેલમાં ગયા હતા. જયાં પુત્રની નજર સામે આરોપી અને પત્નિએ શરીર સંબંધ બાંધ્યા હતા બાદમાં પત્નિ બાથરૂમમાં જતા શખસે બાળકના કપડા કઢાવી તેના પ્રાઈવેટ પાર્ટ પર અડપલા કરી શખસે તેનો પ્રાઈવેટ પાર્ટ પુત્રના હાથમાં લેવા બળજબરી કરી પકડાવતો હતો. જે વાત પુત્રએ તેની માતાને કહેતા પત્નિએ ગાળો આપી મારકુટ કરી કહ્યું કે તુ કોઈ પણ ને વાત કરીશ તો તને મારી નાખશું તેવી ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી પ્રેમીપંખીડાને સકંજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં પરિણીતા અગાઉ કચ્છમાં રહેતી હતી ત્યારે પાડોશમાં રહેતા મિતરાજસિંહ મહીડા સાથે પ્રેમસંબંધ બંધાયો હોવાનું જાણવા મળ્યું છે.

# જૂનાગઢમાં લગ્નના ૭ દિવસમાં પત્ની રીસામણે ચાલી જતા પતિનો ઝેરી દવા પી આપઘાત

**આત્મહત્યા પહેલા યુવકે વિડીયો બનાવી સ્યૂસાઈડ નોટ લખીઃપત્ની અને તેણીના મામા તેના મોતના જવાબદાર, બંનેને સજાની માંગ**



**મુખ્ય સમાચાર જૂનાગઢ**

જૂનાગઢમાં રહેતા એક યુવકના ૨૫ દિવસ પહેલા જેતપુરની એક યુવતી સાથે લગ્ન થયા હતા, પરંતુ પત્ની લગ્નના સાત દિવસ પછી પિયર જતી રહી અને પરત આવવાની ના પડી દેતા અંતે પતિએ ઝેરી દવા પી લઈને આપઘાત કરી લીધો છે. આપઘાત પહેલા યુવકે એક વિડીયો બનાવેલો અને સ્યૂસાઈડ નોટ લખી હતી, જે કબજે લેવામાં આવી છે.

આ અંગે જાણવા મળતી માહિ-તી મુજબ જૂનાગઢમાં રહેતા પિયુષ રાજુભાઈ ગોહેલ નામના યુવકના ગત તા.૮ મેં ૨૦૨૫ ના રોજ જેતપુરની ચાંદની નામની યુવતી સાથે લગ્ન થયા હતા, પરંતુ લગ્નના સાત દિવસ પછી તેને પિયર પક્ષના લોકો તેડી ગયા હતા, અને ફરી સાસરે આવવાની ના પાડી દેતા યુવકના પરિવારના સભ્યો તેને મળવા ગયા ત્યારે પત્નીએ પતિને કહ્યું કે, મને તમારી મા અને બહેન ગમતા નથી, તમે જેતપુર રહેવા આવી જાવ. નહિતર હું નહી આવું. પરંતુ તેઓ ટસની મસના થઈ.જેથી પિયુષએ આપઘાત પૂર્વે એક વિડીયો બનાવ્યો અને એક સ્યૂસાઈડ નોટ લખી હતી. જેમાં પિયુષ એવું જણાવી રહ્યો છે, કે, મારી પત્ની ચાંદની અને તેનો મામો વિજય દુલર્ભજી સોલંકી બને મારા મોતના જવાબદાર છે, તે બંનેને આજીવન કેદની સજા થવી જોઈએ, આ છોકરીનું અગાઉ બે વખત છુટું થઈ ગયું છે. અને હવે મારી જિંદગી બરબાદ કરી નાખી છે. અને મામા-ભાણેજ બને મળીને આવી રીતે છોકરાઓને હેરાન કરે છે.

જેથી મારી જિંદગી આ મામા અને ભાણેજ એટલે તેની પત્ની અને તેણીના મામાએ બરબાદ કરી નાખી છે, જેથી તે ઝેરી દવા પી આપઘાત કરે છે, આ સ્યૂસાઈડ નોટ લઈને વિડીયો પોલીસને બતાવજો અને આ બંનેને કડક સજા થવી જોઈએ જેથી કરીને બીજા કોઈની જીંદગી બરબાદ ના કરે તેમ કહીને ઝેરી દવા પી લઈને આપઘાત કરી લેતા પોલીસે વિડીયો અને સ્યૂસાઈડ નોટ કબજેકરીને વધુ તપાસ શરુ કરી છે.

# બેંગકોકના પેકેજના નામે ટુર એન્ડ ટ્રાવેલ્સના સંચાલકે ગ્રાહકો સાથે કરી રૂ.૫.૩૪ લાખની ઠગાઇ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ચીપ ઓન ટ્રીપ ટુર એન્ડ ટ્રાવેલ્સના સંચાલકોએ બેંગકોક લઇ જવાના પેકેજના બહાને લોકો સાથે ૫.૩૪ લાખની ઠગાઇ કરતા માલવિયા નગર પોલિસમાં ફરીયાદ નોંધાઇ છે.

આ બાબતે ન્યું અંબિકા પાર્કમાં સાધુવાસવાણી રોડ પર રહેતા ચીરાગભાઇ રમણીકભાઇ દાવડા નામના વેપારીએ સુરતના વરાછા રોડ પર મોતી નગરમાં રહેતો ધર્મેશ જગદીશ ખેની વિરૂધ્ધ માલવિયા નગર પોલિસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે કે, આ શખ્સે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આર.કે.એમ્પાયર બિલ્ડીંગની ઓફિસ નં.૧૩૧૭માં ચીફ ઓન ટ્રીપ ટુર એન્ડ ટ્રાવેલ્સના એજન્ટની ઓફિસ ખોલી વેપારી તથા અન્ય લોકોને ફુકેટ અને બેંગ્કોકના ટુરના પેકેજની માહિતી આપી પેકેજ મુજબ નહીં લઇ જઇ પોતાના આર્થીક ફાયદા માટે રૂ.૫.૩૪ લાખ ઓનલાઇન ટ્રાન્સફર કરાવી ટુરમાં ન લઇ જઇ છેતરપીંડી કરી વિશ્વાસઘાત કરતા ફરીયાદ નોંધાઇ છે. બનાવના પગલે પીએસઆઇ ડી.એસ.ગજેરાએ વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ કલેકટર કચેરીમાં ટી.ડી.એસ. જાગૃતિ સેમિનાર યોજાયો

**મહેકમ, હિસાબી અને સંબંધિત વિભાગના કર્મયોગીઓને કર કપાત અંગે ઝીણવટપૂર્ણ માહિતી અપાઈ**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની કલેક્ટર કચેરીના સભા ખંડ ખાતે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ટેક્સ ડિડકટેડ એટ સોર્સ (ટી.ડી.એસ.) જાગૃતિ સેમિનાર યોજાયો હતો.

આ સેમિનારમાં ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટના ઓફિસર સમર્થ જોશીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી ઈન્કમટેક્સ ભરવાના ફાયદાઓ, પ્રોવિઝન ઓફ સેલેરી, શોર્ટ ડિડક્શન, શોર્ટ પેમેન્ટ, ડિમાન્ડ એનાલિસિસ, જટિફિકેશન ઓફ રિપોર્ટ, લેટ ફાઈલિંગ ફી, તેના પર લાગતું વ્યાજ, ક્યા સેક્શનમાં ટી.ડી.એસ.ક્યા દરે કાપવું, ઈન્કમટેક્સના વિવિધ કાયદાઓ સહિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે વિસ્તૃત માહિતી ઉપસ્થિત સર્વેને આપી હતી. સેમિનારના અંતે પ્રશ્નોતરી કરીને સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓએ સંવાદ કર્યો હતો.

આ તકે ઈન્કમટેક્સ ડીપાર્ટમેન્ટના જોઈન્ટ કમિશનર અનન્યા કુલશ્રેષ્ઠ,ઈન્કમટેક્સ ઓફિસર વિરેન મહેતા, રાજીવ કુમાર, કલેકટર કચેરીની હિસાબી શાખા, પેટા હિસાબી શાખા, મહેકમ શાખા, અપીલ શાખા, ખાસ શાખાના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચોટીલામાં ધોળા દિવસે મહીલાના ગળામાંથી સોનાના ચેનની ચીલઝડપ

**ડબલ સવારી બાઈક પર આવી કરી ચીલઝડપ : સીસીટીવીમાં કેદ**



**મુખ્ય સમાચાર, ચોટીલા**

ચોટીલામાં ધમધમતા વિસ્તારમાં ધોળા દિવસે ડબલ સવારી બાઇક સવારે મહિલાનાં ગળામાં રહેલા સોનાનાં ચેઇન ની તફડચી કરી રફુચકર થયાની ઘટના બનતા પોલીસ સામે જાણે પડકાર ફેકી શહેરમાં બંદોબસ્ત અંગે સવાલો સર્જયાં છે.

આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ શહેરનાં હર્યાભર્યા શાસ્ત્રી નગર વિસ્તારમાં રહેતા મધુબેન મકાણી નામનાં મહિલા સવારે થાનરોડ રામચોક ખાતે થી ઘર તરફ આવતા હતા ત્યારે બાઈક ઉપર સવાર બે શખ્સો તેમનો પીછો કરતા હતા જેઓ શાસ્ત્રી નગર તેમના ઘર તરફ જતા હતા ત્યારે તેમના ગળામાં રહેલો ચેઈન તફડાવી ભાગી છુટયા હતા

ઘટનાની પોલીસને જાણ કરતા પોલીસે ગામની અંદર ચેઈન સ્નેચરોને પકડવા દોડધામ આદરી હતી પરંતુ ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળા જેવો તાલ સર્જાયો હતો જોકે પ્રાથમિક તપાસમાં શકમંદ બે બાઈક સવાર સીસીટીવીમાં કેદ થયેલ છે. જે દ્રશ્યોમાં બાઇક નંબર પ્લેટ વગરનું હોવાનું જણાઈ રહેલ છે.

શહેરમાં ચેઈન સ્નેચીંગની ધોળા દિવસે ઘટના ઘટતા તફડચીઓએ જાણે પોલીસને પડકાર ફેકી પેટ્રોલીંગ સામે સવાલ ઉઠાવ્યા હોય તેવી ચર્ચા શહેરમાં ઉઠી છે.

## સુરતની મહિલાએ લગ્ન કરવાના બહાને યુવાન પાસેથી રૂ.૬૦ હજાર પડાવી લઈ આચરી છેતરપિંડી

શહેરના નાનામવા રોડ પર રહેતા યુવાન સાથે લગ્ન કરશે તેવી લાલચ આપી સુરતની મહિલા રૂ.૬૦ હજાર પડાવી લઈ છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે ની માહિતી મુજબ નાનામવા મેઈન રોડ પર લક્ષ્મીનગર શેરીનં ૪માં રહેતા મયુરસિંહ ભુપતભાઈ ચાવડાએ માલવીયાનગર પોલીસમાં સુરત ગોવિંદપાર્ક સોસાયટીમાં રહેતી હેમાલી નગીનભાઈ પટેલ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૯માં પહેલા લગ્ન કર્યા બાદ પત્નિનું અવસાન થયું હતું.ઘણા સમય પહેલા જીવનસાથી ડોટ કોમ નામની એપ્લિકેશન પર મારા લાયક પાત્ર શોધવા રજીસ્ટ્રેશન કરેલ હતું.તેની મેમ્બરશીપ પુરી થઈ જતા ફરિ રીન્યુ કરાવેલ બાદ હેમાલી પટેલ નામની આઈડી પર રીકવેસ્ટ મોકલેલ હતી.વર્ષ ૨૦૨૪ના ઓકટોમ્બર માસની તા.૧૯ના એક ફોન આવ્યો અને સામેથી હેમાલી બોલુ છું મે તારો નંબર જીવનસાથી ડોટ કોમ પરથી મેળવેલ છે. કહ્યું કે હાલ હું સાળંગપુર છુ મારી પાસે પૈસા નથી મારે સુરત જવું છે. તમે રૂ.૧૦૦૦ મોકલો સુરત પહોંચી પરત આપી દઈશ જેથી મે પેટીએમથી મોકલેલ હતા.બાદ અવાર નવાર પૈસાની માંગણી કરતી હોવાથી રૂ.૬૦૩૨૦ ટ્રાન્સફર કર્યા હતા.છેલ્લે લગ્ન કરવાનું કહેલ અને તેના માતા-પિતા વિષે પુછતા તેણે કહ્યું કે મારે મા-બાપ નથી મારા અગાઉ લગ્ન થયેલા હતા જેના છુટાછેડા થઈ ગયા છે. મારી સાથે મારી પુત્રી છે તમે રાખો તો લગ્ન કરીશ તેમ કહ્યું હતું. આપેલા પૈસા પરત માંગતા અવાર નવાર બહાના બનાવી લગ્ન કરવાના બહાને પૈસા પડાવી લઈ છેતરપીંડી આચરો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રિસામણે બેઠેલી પત્ની પરત નહીં આવતા પતિનો ફાંસો ખાઈ આપઘાત

**આધેડના મોતથી પુત્રીએ પિતાનું છત્ર ગુમાવ્યું**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

માયાણી નગર આવાસ યોજનાના ક્વાટરમાં રહેતા આધેડે રિસામણે બેઠેલી પત્ની પરત નહીં આવતા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આધેડના મોતથી પુત્રીએ પિતાનું છત્ર ગુમાવતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ માયાણી નગર આવાસ યોજનાના ક્વાટરમાં રહેતા જયસુખભાઈ જીવણભાઈ એયડા નામના ૫૦ વર્ષના આધેડ પોતાના ઘરે હતાં ત્યારે પ્લાસ્ટિકની દોરી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આધેડનો મૃતદેહ લટકતો હોવાનું પાડોશીના ધ્યાને આવતા પાડોશીએ તાત્કાલીક પોલીસને જાણ કરતા તા માલવિયાનગર પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. જાણ થતાં જ દોડી આવેલી ૧૦૮ના ઈએમટીએ જોઈ તપાસી આધેડને મૃત જાહેર કરતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી.

પોલીસે જરૂરી કાર્યવાહી કરી આધેડના મૃતદેહને પોસ્ટમોટર્મ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક જયસુખભાઈ એયડાને સંતાનમાં એક પુત્રી છે. જયસુખભાઈ એયડાની પત્નીને રિસામણેથી પરત આવતી નહીં હોવાથી જયસુખભાઈ એયડાએ માઠુ લાગી આવતા ગળેફાંસો ખાઈ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે માલવિયાનગર પોલીસે વધુ તપાસ હાથ ધી છે.

## આંબેડકર નગરમાં યુવાને ગળેફાંસો ખાઈ જીંદગીથી છેડો ફાડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળા વિસ્તારમાં આવેલા આંબેડકર નગરમાં રહેતા યુવાને પરિવારજનો પ્રસંગમાં ગયા બાદ કોઈ અગમ્યકારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકના મોતથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ થોરાળા વિસ્તારમાં આવેલા અમુલ સર્કલ પાસે આંબેડકર નગરમાં રહેતા રોહિત ગીરધરભાઈ ચાવડા નામનો ૨૦ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે કોઈ અગમ્યકારણસર ગળેફાંસો ખાઈ લીધો હતો. આ ઘટના અંગે જાણ થતાં ૧૦૮ની ટીમ તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગઈ હતી. ૧૦૮ના ઈએમટીએ જોઈ તપાસી યુવકને નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. થોરાળા પોલીસે ઘટના સ્થળે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટમોટર્મ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક રોહિત ચાવડા બે ભાઈમાં નાનો અને અપરણીત હતો.

પરિવારજનો લગ્ન પ્રસંગમાં ગયા બાદ રોહિત ચાવડાએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે થોરાળા પોલીસે નોંધ કરી યુવકના આપઘાત પાછળનું કારણ જાણવા તપાસહાથ ધરી છે.